# વાયડામિત્ર

વર્ષ : ૧૦૩ જુલાઈ - ૨૦૨૫ અંક : ૭
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57



Click By Unnati Parikh

With best Compliments From

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi, M.G.Road,
Ghatkopar (East), Mumbai - 400 077 E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

## જુલાઈ ૨૦૨૫, પ્રત-૧૦૫૦, વર્ષ-૧૦૩, અંક-૭

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી-૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા-જગતપુર રોડ,
અમદાવાદ - ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)
ઈ-મેઈલ : hnparikh98@gmail.com

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/-વાર્ષિક(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/-

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

## સૂરજને કાગળ લખ... Continue



યોગાસન માં તને નમસ્કાર કરવા,
કેવા અદ્ભુત ૧૨ મુદ્રા સાથેના મંત્ર,
તે પણ શ્વાસ સાથે લયબધ્ધ,
હળવે હાથે 'સૂર્ય નમસ્કાર' લખ,
એ સમજી જાશે.

તારા વંશજ પણ છે ! સૂર્યવંશી રાજાઓ...
સૂર્યવંશી નામના સૌ કેટલા બધા પરાક્રમી,
તારા અપાર ગુણને બિરદાવવા,
મનુષ્યએ નામ અપનાવ્યું,
હળવા હાથે 'આદિત્ય' લખ,
એ સમજી જાશે.

તું આટલો તેજદાર – ધારદાર છતાં,
જ્યોતિષમાં કોઈની કુંડળીમાં નીચનો–ઉચ્ચનો !
કોઈમાં શત્રુ રાશિ–મિત્ર રાશિ માં,
એ પ્રમાણે તારા ઉપાય બતાવાય !
શરીરના પાંચ તત્વમાં,
તારો અગ્નિ તત્વ સાથેનો સંબંધ,
તું કઈ રાશિમાં બિરાજમાન છે તે પ્રમાણે,
મનુષ્યના દેહ–ચારિત્ર્યનું બંધારણ થાય,
હળવે હાથે 'ગ્રહોના રાજા' લખ,
એ સમજી જાશે.

લોહીના એક રિપોર્ટમાં,
તારી આડકતરી હાજરી – ગેરહાજરીનું અવલોકન થાય,
તું હાજરાહજૂર હોવા છતાં ! કેવી અજાયબી !
હળવે હાથે 'વિટામિન – ડી' લખ,
એ સમજી જાશે.

**- ડો. રાકેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૩ ૪૬૮૨૭**

# શ્રી વાયુપુરાણ



પુરાણ = પુરા + અણ. પુરા એટલે પ્રાચીન, પુરાણુ, વિતેલું. અણ એટલે કહેવું, દર્શાવવું. આમ પુરાણ પૂર્વની ઘટના દર્શાવે છે પણ તે ત્રિકાળદર્શી છે. ભવિષ્યની ઘટનાઓનો સંકેત પણ પુરાણોમાં જોવા મળે છે.

કૃષ્ણદ્વૈપાયન મહર્ષિ વેદવ્યાસજી દ્વારા રચિત વાયુમહાપુરાણ હિન્દુધર્મના ૧૮ પુરાણોમાનું એક મહાપુરાણ છે. પુરાણોમાં તેનો ક્રમ ચોથો છે. ૧૧૨ અધ્યાય અને ૧૨,૦૦૦ શ્લોક ધરાવતું વાયુમહાપુરાણ અતિ પ્રાચીન છે. વાયુદેવ દ્વારા કહેવાયું હોવાથી તેનું વાયુમહાપુરાણ એવુ નામ પડ્યું છે. વાયુમહાપુરાણમાં ભૂગોળ, જ્યોતિષ, યોગ, રાજવંશ, બ્રહ્માંડ વિજ્ઞાન, પૌરાણિક કથાઓ, શિવ ભક્તિ વગેરેની માહિતી છે. તે શિવપુરાણનો મૂળ સ્ત્રોત રહ્યો છે. આ વાયુમહાપુરાણનો ઉલ્લેખ મહાભારત તેમ જ હરિવંશ પુરાણમાં જોવા મળે છે. પ્રસિદ્ધ ઇતિહાસકાર અલ બરૂની (૯૭૩-૧૦૪૮) એ અગિયારમી સદીમાં ભારતીય ઉપખંડની મુલાકાત લીધી તે દરમ્યાન વાયુમહાપુરાણમાંથી સંદર્ભ ટાંક્યા છે. વાયુમહાપુરાણમાં વાયુદેવતાના જન્મની કથા ૬૭માં અધ્યાયના ૮૬ થી ૧૩૬ શ્લોકોમાં આપવામાં આવી છે. વાયુમહાપુરાણ ભારતીય જીવન અને સભ્યતાના ક્રમિક વિકાસની ગાથા છે. વાયુમહાપુરાણમાં ભાવુકતાને બદલે તર્કની પ્રાધાન્યતા છે. વાયુમહાપુરાણનો અભ્યાસ વૈજ્ઞાનિક તેમ જ વ્યાવહારિક દ્દષ્ટિકોણથી સૌએ કરવો જોઈએ.

**પણ, અહીં જે વાત કરવી છે તે આપણા જ્ઞાતિગ્રંથ શ્રી વાયુપુરાણની છે.** આ પુરાણ વાયડા વણિક તેમ જ વાયડા બ્રાહ્મણોનું જ્ઞાતિપુરાણ છે. વાયુદેવતાજીની મહાનતા સિદ્ધ કરતો આ ગ્રંથ છે. આ વાયુપુરાણના મુખ્યત્વે ત્રણ સંસ્કરણ નજરે પડે છે.



૧



વાયુપુરાણ સટીક.
તથા
તેને લગતી કવિતાઓ.
રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર
विरक्षेत्रवासी
પરી. અમરતલાલ પીતાંબરદાસ.
તથા
પરી. માણેકલાલ મનસુખરામ

दोहरो.
રચના રસીક આ ગ્રંથની વાંચી ધરજો ધ્યાંન,
સહેલ તજીને પ્રીતથી કરજો અમૃત પાન.
નડીઆદ.
સત્યસાગર પ્રેસ.
કિમ્મત ૦-૮-૦

૨



વાયડા બ્રાહ્મણ – વણિક જ્ઞાતિનું
વાયુ પુરાણ
[ પ્રત પાઠાન્તરો, સરલ ગુજરાતી ભાષાન્તર
અને ઐતિહાસિક ઉપોદ્ઘાત સાથે. ]

" હે વાયુદેવ, તમે યજ્ઞમંડપમાં પધારી યજમાનને અને સમસ્ત ઉપાસકોને ઉત્તમ પ્રકારનું ભોજન, પરાક્રમી પ્રજા, પુષ્કળ ગાયો, ઉત્તમ અશ્વો અને અખૂટ લક્ષ્મી આપો."
શુક્લ યજુર્વેદ અ. ૨૭. મં. ૨૭.
મૂલ્ય અમુલ્ય.
૧૯૪૪
સંપાદક :
રામલાલ ચુનીલાલ મોદી
પાટણ. (ઉ. ગુ.)

૩

[૧]વડોદરાના વાયુદેવતાજી મંદિર પાસે જે પ્રત હતી(અત્યારે ઉપલબ્ધ નથી) તે સંવત ૧૭૪૧ (ઈ.સ. ૧૬૮૫)ની હતી જે ૩૪૦ વર્ષ જૂની છે. આ પ્રત હસ્તલિખિત હતી અને તેના ૬૫ પાના હતાં. તેમાં ૧૪ અધ્યાય અને ૫૭૪ શ્લોક છે. આ પ્રત ભારત વર્ષમાં પ્રાચીન છે. આ પહેલા પણ પ્રત હશે અને તેના અનુસંધાનમાં આ પ્રત લખાઈ હોય તે બનવા જોગ છે. પણ હાલ આનાથી વધુ જૂની પ્રત ઉપલબ્ધ નથી. આ પ્રત અમદાવાદના રાજેશ્વર ભટ્ટે લખી હતી જેઓ મહાકવિ પ્રેમાનંદના શિષ્ય હતા. તેઓએ આ પ્રત વાયડા વણિક જ્ઞાતિના વિઠ્ઠલદાસ માટે લખી હતી. આ પ્રત પર સંવત ૧૭૪૧, વર્ષ શાકે ૧૬૦૬, કાર્તિક સુદ બારસ એમ લખ્યું છે. વિઠ્ઠલદાસ વડોદરા વિશા વાયડા જ્ઞાતિના હોય તેમ જણાઈ આવે છે.

આપણી જ્ઞાતિના વડોદરાના કશ્યપભાઈ શ્રોફના જણાવ્યા પ્રમાણે આજે આ મૂળ પ્રત ઉપલબ્ધ નથી પણ વર્ષોથી વડોદરાના વાયુદેવતાજી મંદિરમાં ભાદરવા સુદ ૫ (વડોદરામાં ભાદરવા સુદ ૬ ને બદલે ભાદરવા સુદ ૫ એ હવન થાય છે)ના હવન બાદ વાયુપુરાણના ૧૪મા અધ્યાયનું પારાયણ કરવામાં આવે છે. જે હનુમાનજીના જન્મ સંબંધિત છે.

ત્યારબાદ સંવત ૧૯૨૦ (ઈ.સ. ૧૮૬૪) મા મૂળજીભાઈ ખેંગાર દ્વારા વાયુપુરાણની પ્રત ભૂજના વાયુદેવતાજી મંદિરમાં મળી આવી હતી. આ પુરાણમાં કેટલાક પ્રકરણો ઉમેરેલા છે. સંવત ૧૯૨૯(ઈ.સ. ૧૮૭૩)માં હરજીવન દયારામ ભટ્ટ લિખિત વાયુપુરાણની નકલ મળી આવી હતી.

[૨]શ્રી વાયુપુરાણના બીજા સંસ્કરણની સંશોધિત આવૃત્તિ વડોદરાના વિશા વાયડા અમરતલાલ પિતાંબરદાસ પરીખે ૧ જાન્યુઆરી, ૧૮૮૪માં પ્રસિદ્ધ કરી હતી. હાલ આ પ્રત ગૂજરાત વિદ્યાપીઠની લાયબ્રેરીમાં સચવાયેલી છે અને ઈન્ટરનેટ પર પણ ઉપલબ્ધ છે. આ પ્રત ૧૪૧ વર્ષ જૂની છે. અમરતલાલ પરીખ ઈ.સ. ૧૮૮૨ના ચૈત્ર માસના સંઘમાં પ્રથમવાર પાટણના અમરતલાલ ત્રિકમલાલ મોદી સાથે આવ્યા હતા. વાયડમાં તે સમયે તેમને વાયુપુરાણના નવીન સંસ્કરણનો વિચાર આવ્યો. ત્યાર બાદ ૧૮૮૪માં વાયુપુરાણ પ્રસિદ્ધ થયું હતું. આ પ્રત તેઓને વડોદરાના ભટ્ટ મેવાડા બ્રાહ્મણ ગોવર્ધન કાલીદાસ વ્યાસે મેળવી આપી હતી.

ઘણા જ્ઞાતિજનોએ આ સંસ્કરણ પ્રસિદ્ધ કરવામાં આર્થિક મદદ કરી હતી. તેમાં એક નામ છે– નાગરદાસ રણછોડદાસ આબુવાળા. તેમના પુત્ર અંબાલાલ નાગરદાસ આબુવાળાએ સમીરી કામદાદેવીની મંદિરનું પ્રાણપ્રતિષ્ઠા સહિત વાવના ઉપરના ભાગે ૧૯૧૭માં નિર્માણ કરાવ્યું હતું.

તેઓ વાયડ સંસ્થાનના મંત્રી અજયભાઈ પરીખના પત્ની કવિતાબહેન (બેંકર)ના દાદાના મોટાભાઈ હતાં. વડોદરાના પ્રતીકભાઈ અરવિંદભાઈ બેંકર, કવિતાબહેનના કઝીન છે. તેમના દાદાના મોટાભાઈની યાદમાં કુટુંબની પરંપરાને જાળવી રાખવા માટે તેમણે ૨૦૧૯ની પ્રાણપ્રતિષ્ઠા દરમ્યાન યજમાન બની યજ્ઞનો લાભ મેળવ્યો હતો. ૧૦૨ વર્ષ બાદ તેઓની યાદ તાજી થઈ હતી.

અમરતલાલ પરીખે ૧૮૮૪ના વાયુપુરાણમાં કેટલીક નોંધ કરી છે.

અમદાવાદના દશા વાયડા ભાઈઓ તે સમયે (આસો સુદ ૬) આસો નવરાત્રિ પર વાયડ જતા હતા. તે પહેલા પાટણના દશાવિશા ભાઈઓ તેમ જ રાધનપુરના વિશા વાયડા જ્ઞાતિજનો ચૈત્ર સુદ ૬ ના રોજ વાયડ જઈ હોમ–હવનવિધિ કરતા હતા. તેમાં જણાવ્યા પ્રમાણે દરેક જ્ઞાતિજને પોતાની આવકનો દસમો ભાગ અથવા વીસમો ભાગ વાયડમાં વાવની દુરસ્તી અથવા અન્ય વાયડસંબંધી કામોમાં વાપરવો જોઈએ. ચૈત્ર સુદ ૬ અને ભાદરવા સુદ ૬ આ બંને તિથિઓએ વાયડમાં જવાની સૂચના આપી છે અને આ દિવસોમાં સુદ–૧ થી જ વાયુદેવને ઉત્તમ સામગ્રી અને સારા વસ્ત્રો–આભૂષણ સહિત મનોરથ કરવાની આજ્ઞા આપી છે.

યાદ રહે કે વાયુદેવનો જન્મ વાયડમાં થયો હતો અને તે દિવસોમાં સમીરી કામદાદેવીનું મંદિર ન હતું. માત્ર વાવને જ વાયડમાતાનું સ્વરૂપ માનીને પૂજા કરવામાં આવતી હતી. આ સ્થાનમાં વાયુદેવતાનું જ મહત્ત્વ છે અને ચૈત્ર સુદ ૬ અને ભાદરવા સુદ ૬ ના દિવસે વાયુદેવતાજીના મંદિરમાં બ્રાહ્મણના મુખેથી વાયુપુરાણ સાંભળવાની સ્પષ્ટ સૂચના છે, જેનું પાલન વડોદરાના વાયુદેવતાજી મંદિરમાં કરવામાં આવે છે. ૧૯૧૭માં સમીરી કામદાદેવીનું મંદિર બન્યા બાદ જ વાયડ માતાનું મહત્વ વધ્યું છે. ૧૮૮૪ના વાયુપુરાણમાં જણાવ્યા પ્રમાણે દરેક જ્ઞાતિજને વાયુદેવતાજીના દર્શન કરવાનો નિત્યક્રમ જાળવવો જોઈએ. જો કોઈ કારણસર દર્શન કરવા ન જઈ શક્ય તો વાયુદેવતાનું સ્મરણ અવશ્ય કરવું જોઈએ.

[3]આ તમામ સંસ્કરણોમાં ક્યાંક અશુદ્ધિ હતી તેથી ૧૯૪૪માં સુધારાવધારા સાથે સરળ ગુજરાતી ભાષાંતર તેમજ ઐતિહાસિક માહિતી સાથે પાટણના વિધ્વાન રામલાલ મોદીએ વાયુપુરાણ પ્રસિદ્ધ કર્યું હતું. આ સંસ્કરણ અમદાવાદના પોપટલાલ દેવીદાસ પરીખે પ્રકાશિત કર્યું હતું. રસ ધરાવતા જ્ઞાતિજનોને આ નકલ આપવામાં આવી હતી. આજે પણ આપણી જ્ઞાતિના ઘણા ઘરોમાં તે મળી આવે છે. ૨૯૧ પાનાના આ વાયુપુરાણમાં પ્રથમ વીસ પાનાઓમાં વાયુપુરાણનો રચનાકાળ, વાયડ, વાયડમાં આવેલા મંદિરો, વાયુદેવતાજી, વાયડમાતા, વાયડ જ્ઞાતિના દશા વિશાના ભેદ, વાયડા જ્ઞાતિનો ઇતિહાસ વગેરે માહિતી આપવામાં આવી છે. ઇતિહાસ દૃષ્ટિ ધરાવતા જ્ઞાતિજનાએ અવશ્ય વાંચવી જોઈએ.

શ્રી વાયુપુરાણ વાયડા જ્ઞાતિના કુળદેવતા વાયુદેવતાજીની મહાનતા સિદ્ધ કરતો ગ્રંથ છે. વાયુપુરાણના ૧૪ અધ્યાયોમાં શરૂઆતના પાંચ અધ્યાય મુખ્યત્વે જેમાં મરુત (વાયુદેવ)ની જન્મ કથા દર્શાવવામાં આવી છે. પ્રથમ અધ્યાય હિરણ્યકશિયપુનો વધ, બીજો અધ્યાય કશ્યપે દિતિને કહેલું વ્રત, ત્રીજો અધ્યાય વાયડનગરનું મહાત્મ્ય, ચોથો અધ્યાય બનાસની ઉત્પતિ અને પાંચમો અધ્યાય– વાયુદેવતાનો જન્મ અને વાયડા જ્ઞાતિની ઉત્પત્તિ સંબંધિત છે. ૬ થી ૧૪ અધ્યાય મારુતિ (હનુમાનજી)ની જન્મ કથા છે. હનુમાનજીનો જન્મ વાયડમાં થયો હતો તેમ સ્પષ્ટ જણાવેલ છે.

૬ થી ૧૩ અધ્યાયમાં આનુષાંગિક કથાઓ છે જેમાં રાજા અંબરીષની પુત્રી, નારદમુનિ, અહલ્યા, ઈન્દ્ર અને અંજની તેમજ વિષ્ણુ ભગવાનના મોહિની સ્વરૂપની કથા આપવામાં આવી છે. ૧૪માં અધ્યાયમાં હનુમાનજીના જન્મની કથા આપવામાં આવી છે.

## જ્ઞાતિગ્રંથ–જ્ઞાતિપુરાણ શ્રી વાયુપુરાણની કેટલીક વિશિષ્ટતાઓ

(૧) વાયુપુરાણના અગિયારમા અધ્યાયમાં ગૌતમઋષિ ઈન્દ્રને શાપ આપે છે જેથી તેના પુરુષત્વનો નાશ થાય છે. છેલ્લા ૧૪મા અધ્યાયમાં છેલ્લા શ્લોકમાં પ્રશ્ન પુછાય છે.–ઈન્દ્રને પુરુષત્વ પ્રાપ્ત કેવી રીતે થયું ? પણ તેનાં ઉત્તર નથી અને વાયુપુરાણ સમાપ્ત થાય છે. માટે એવું મનાય છે કે આગળ ૧૫મો અધ્યાય હોવો જોઈએ પણ તે પ્રાપ્ય નથી.

(૨) વાયુપુરાણ અનુસાર ચૈત્ર સુદ ૬ ના દિવસે વાડવાદિત્ય ઋષિના દર્શન અવશ્ય કરવા જોઈએ. જે તમામ આદિત્ય (સૂર્ય) ના દર્શન કર્યા બરાબર છે. વાડવાદિત્ય ઋષિ આપણા કુળગુરુ છે. હવે જ્યારે વાયડ જાવ ત્યારે મંદિરમાં સમીરી કામદાદેવીના સ્વરૂપની ડાબી બાજુના ગવાક્ષ (ગોખ)માં આપણા આદિપુરુષ વાડવાદિત્ય ઋષિના દર્શન અવશ્ય કરશો.

(૩) વાયડ એ વાયુપુર, પવનપુર ઉપરાંત બાલમંડન તીર્થ તરીકે ખ્યાત છે. આ

તીર્થ ૪૯ વાયુદેવ-બાળકોથી મંડિત થવું હોવાથી બાલમંડન તીર્થ તરીકે ઓળખાય છે.

(૪) વાયડની વાવ સંજીવની વાવ તરીકે ઓળખાય છે. પ્રતાપી વાયુપુત્ર હનુમાનજીએ અહીં નવજીવન પ્રાપ્ત કરેલ તેથી આ વાવ સંજીવની વાવ તરીકે પ્રખ્યાત છે. (અધ્યાય ૧૪ શ્લોક ૩૬)

(૫) હનુમાનજીનો જન્મ વાયડમાં થયો છે. તેવો સ્પષ્ટ ઉલ્લેખ વાયુપુરાણમાં છે. વાયુપુરાણનો ૧૪મો અધ્યાય હનુમાનજીના જન્મ સંબંધિત છે. તેમાં જણાવ્યા પ્રમાણે કારતક વદ ૧૪ ને રવિવારે હનુમાનજીનો જન્મ વાયડમાં થયો છે. (અધ્યાય ૧૪ શ્લોક ૨) જો કે હાલ હનુમાનજીનો જન્મોત્સવ ચૈત્ર સુદ પૂનમના રોજ મનાવવામાં આવે છે. આ રીતે હનુમાનજીના જન્મ તારીખ અને જન્મસ્થળનો પણ વિવાદ હાલ જોવા મળે છે. ૧૪મી સદીમા રચાયેલ અમરચંદ્ર સુરીના 'બાલભારત' મહાકાવ્યમાં હનુમાનજીનો ઉલ્લેખ છે.

(૬) અંતરીક્ષમાં વિષ્ણુનું મોહિની સ્વરૂપ નિહાળીને મહાદેવજીનો શક્તિસ્ત્રાવ થયો છે જે વાયુદેવતાજીએ વૈજ્ઞાનિક પદ્ધતિથી હસ્તાંતર ક્રિયાથી આરક્ષણ પૂર્વક વાયડ મહાનગરમાં અંજની દેવીના શરીરમાં પ્રત્યારોપણ કર્યું. જેથી હનુમાનજીનો જન્મ થયો છે.

(૭) નવાઈની વાત એ છે કે વાયુપુરાણમાં વાયુદેવતાજીના પત્ની ઉપરાંત તેમના કુટુંબનો કોઈ ઉલ્લેખ નથી.

જો કે વેદવ્યાસજી રચિત વાયુમહાપુરાણમાં મહાસ્થાનના તીર્થવર્ણનમાં ૬૦માં અધ્યાયમાં શ્લોક ૭૨ થી ૭૬માં વાયડસંબંધી ઉલ્લેખો જોવા મળે છે જો કે વાયડનું નામ સ્પષ્ટ રીતે આપવામાં આવ્યું નથી.

વાયોઃ પુરું પવિત્રસ્થ વાયુના નિર્મિતં પુરા (શ્લોક ૭૨)

વાડાદિત્યં નમસ્કૃત્ય સર્વપાપો પ્રમુચ્યતે (શ્લોક ૭૬)

શ્રી મહાપ્રભુજીના સમયમાં સાર્વજનિક મહાપુરાણની કથા પારાયણનું મહત્વ વિશેષ હતું. સ્વયં મહાપ્રભુજીએ ભારતભરમાં ૮૪ સ્થળોએ શ્રીમદ્‌ભાગવતનું પારાયણ

કર્યું હતું. આ આધારે જ્ઞાતિ પુરાણ ગ્રંથની રચના જ્ઞાતિ માટે કથા પારાયણ રૂપે મર્યાદિત હતું. મહાપ્રભુજીના સમયમાં તેનું બીજ રોપાયું અને ત્યારબાદના સમયમાં તે અસ્તિત્વમાં આવ્યું હોય તેમ લાગે છે કારણ કે જ્ઞાતિપુરાણ ગ્રંથની પ્રાચીનતા સંવત ૧૬૦૦ પછી પ્રાપ્ત છે.

કુળદેવતા વાયુદેવતાજીના સ્વતંત્ર મંદિરો પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવકાળ સંવત ૧૬૦૦ થી ૧૭૦૦ની આસપાસ જ અસ્તિત્વમાં આવ્યા છે. વાયુદેવતાના સ્વતંત્ર મંદિરોના રચનાકાળમાં જ જ્ઞાતિપુરાણ ગ્રંથની રચના થઈ હોય તે સંભવ છે.

આ ગ્રંથનું વાચન કુળદેવતાના તમામ મંદિરોમાં દરેક જ્ઞાતિજન કરે તે જરૂરી છે. એટલું જ નહીં. પોતાના ગૃહસ્થાશ્રમમાં પણ વાયુદેવતાના ગુણગાન–વાંચન–મનન શ્લોક ગાઈને કરવા જોઈએ.

શ્રી વાયડ માતા અને શ્રી વાયુદેવતાજીના આશીર્વાદ આપણી જ્ઞાતિ પર સદા વરસતા રહે તેવી શુભેચ્છા.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**<br>**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**<br>**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

## તંદુરસ્ત રહેવા માટે આટલું કરો

- રાતના સમયે જલદી ઊંઘી જઈને વહેલી સવારે સૂર્યોદય પહેલાં ઊઠી જાઓ.
- સવારે પથારી છોડી દીધા પછી સૌ પહેલાં કોગળા કરી બે ગ્લાસ પાણી પીઓ.
- દંતમંજન કર્યા પછી જીભ સાફ કરી, આંખો પર ઠંડુ પાણી છાંટો જેથી નેત્રજ્યોતિ વધશે.
- બ્રશ કર્યા પછી ચા પીવાનું ટાળો, અડધા લીંબુનો રસ અથવા ત્રિફળાનું ચૂર્ણ લેવું તંદુરસ્તી માટે ખૂબ જ ફાયદાકારક છે.
- સ્નાન કર્યા પહેલાં શરીર પર તેલની માલીશ કરો.
- સ્નાન કર્યા પછી એકાતમાં ધ્યાન ધરીને બેસો. એકાગ્રતાપૂર્વક જીવન વ્યવહાર પર ચિંતન કરો.

# મહર્ષિ વિનોબા



રવિવારની સવાર હતી. થયું લાવો જૂની ફાઈલો જોઈ લઉં. સાચવવા જેવુ સાચવી બાકીનું ફાડી નાખુ. ઘણી ફાઈલો હતી, બે-ચાર જોઈ શક્યો, બહુ જ થોડા કાગળો ફાડ્યાં ને નાંખી દીધા. પછી એક ફાઈલમાં મારા પુસ્તક 'ચિંતન'ની પ્રશંસા કરતા ઘણાં પત્રો હતાં. મેં પહેલા તે વાંચ્યા હતા. ફરી વાંચ્યા, ખુશ થયો, પણ એક પણ પત્ર ફાડી નાંખ્યો નહીં. એક પણ પત્ર ઓછો ન કર્યો.

સવારે ૧૦-૦૦નો સુમાર થયો. બે યુવાન વકીલ મિત્રો મળવા આવ્યા. કહે 'તમારા થોડાંક લેક્ચર વીડીયોમાં ઉતારવા આવ્યા છીએ. યુ-ટ્યુબ પર મૂકીશું. અમે Legal Maxims કાનુની સૂત્રોથી શરૂઆત કરવાનું નક્કી કર્યું. મેં પાંચ સૂત્રો પર ૪૫ મીનીટ વાત કરી. તેમણે વીડીયો ઉતારી લીધો. પછી તેઓ બોલી ઉઠ્યાં, "સાહેબ આટલું બધું તમને યાદ કેવી રીતે રહે છે. તમને તો સંખ્યાબંધ કલમો પણ યાદ છે." મેં કહ્યું રાત દિવસ તેનું ચિંતન ચાલે એટલે યાદ રહે છે. હું તેમની પ્રશંસાથી ખુશ થયો.

સાંજે ૪-૦૦ વાગે મારા હાથમાં એક નાનકડું પુસ્તક આવ્યું. તેનું નામ 'મહર્ષિ વિનોબા' હતું. વિનોબાજીએ તેમના જીવનની વાત 'અહિંસાની ખોજ' એ નામના પુસ્તકમાં લખી છે, શ્રી અમૃતભાઈ મોદીએ તે પુસ્તકના આધારે નાનકડું ૮૦ પાનાનું પુસ્તક 'મહર્ષિ વિનોબા' તૈયાર કર્યું છે. તેમાં ૧૦૧ જેટલા પ્રસંગો વણી લીધા છે. મેં સાંજે ૪-૦૦ થી ૭-૦૦ દરમિયાન ખૂબ જ રસપૂર્વક પુસ્તક વાંચી નાંખ્યું. ત્યારે મને લાગ્યું કે મારા જીવનની આ સર્વોત્તમ સાંજ હતી.

પુસ્તકની ઘણી વાતો મને સ્પર્શી ગઈ. વિનોબાનું બાળપણ, તેમનો ગૃહત્યાગ, ગાંધીજી સાથેની પહેલી મુલાકાત, આશ્રમની પ્રવૃત્તિઓ, પવનાર આશ્રમ, ભૂદાન યાત્રા વિગેરે. તેમની નમ્રતા, અગાધ જ્ઞાન, સંખ્યાબંધ ભાષાઓની જાણકારી

૫૦,૦૦૦ જેટલા કાવ્યો, શ્લોકો કંઠસ્થ હોવાની બાબત અને ભૂદાન યાત્રા જે ૧૩ વર્ષ દરમિયાન ૭૦,૦૦૦ કીલોમીટરની યાત્રા મને પ્રભાવિત કરી ગઈ. રાતના જમીને સૂતો હતો અને ચિંતન ચાલ્યું. સવારની મારી બે પ્રવૃત્તિઓ–ફાઈલો જોવાની અને કાનૂની પ્રવચન આપવાની નજર સમક્ષ આવી. તે સંદર્ભમાં પુસ્તકના ત્રણ પ્રસંગો યાદ આવ્યાં, પહેલા તે પ્રસંગો જણાવું.

પ્રસંગ પહેલો, તેનું મથાળું છે 'પત્રોની હોળી' પ્રસંગ આ પ્રમાણે છે. '૧૫મી ઓગષ્ટ, ૧૯૬૦ની વાત છે. વિનોબાએ અંતેવાસીને કહ્યું, 'આજે પંદરમી ઓગષ્ટ છે, મુક્તિદિન છે. જૂની સ્મૃતિઓમાંથી મુક્તિ મેળવવા જૂનો બધો જ પત્રવ્યવહાર ફાડીને જલાવી દો.' કોઈએ કહ્યું, 'બાબા, લોકસંગ્રહની દૃષ્ટિએ આ બધું સાચવી રાખવું જોઈએ.' વિનોબાએ કહ્યું, 'આ મોહજંજાળ તોડીશું નહીં તો આગળની ખોજ શી રીતે થશે.'

બીજો પ્રસંગ, તેનું મથાળું છે 'કામની ચીજ લઈ લીધી.'

એકવાર બાપુએ વિનોબાને પત્ર લખ્યો. વિનોબાએ તે વાંચ્યો અને તરત ફાડી નાંખ્યો, જવાબ લખવા માટે પણ પાસે રાખ્યો નહીં. શ્રી કમલનયન બજાજ બાજુમાં બેઠા હતાં. તેમને કુતુહલ થયું – બાપુનો પત્ર વિનોબાએ ફાડી નાંખ્યો ? કુતુહલવશ તેમણે ટુકડા એકઠાં જોડીને વાંચ્યું તો એમાં લખ્યું હતું, 'તમારા જેવા બીજા કોઈ મહાન આત્માના સંપર્કમાં હું આવ્યો નથી.'

કમલનયને પૂછ્યું, 'કેમ એ પત્ર ફાડી નાંખ્યો?' સહજભાવે વિનોબા બોલ્યા, 'આપણાં આત્મીયજનની કે ગુરુજનની ગફલતથી કે સ્નેહવશ ભૂલ થઈ ગઈ હોય તો એને જાળવી રાખવી ઠીક નથી. એમાં મોહ છે, ને હિંસા પણ છે.'

બજાજે કહ્યું, 'બાપુ જેવા મહાપુરુષની લખેલી ચીજ, ભલે તમારે વિશે હોય, પણ તે કેવળ તમારે માટે નથી. જગત માટે પણ છે. એ ફાડવાનો તમને શો અધિકાર છે ?'

વિનોબાએ કહ્યું, 'આમ કહેવું તે આપણો મોહ છે. એ પત્રમાં કામની ચીજ છે, તે સ્નેહ છે. એ મેં લઈ લીધી. જો એ પત્રમાંની વાત સાચી હશે તો તે પત્ર ફાડવાથી મટી જવાની નથી. સત્ય તો સત્ય જ રહેશે. પરંતુ જો તેમાં મોહ હશે

તો તે જાળવી રાખવાથી નુકશાન જ થશે. ફાડી નાંખવામાં કશું જોખમ નથી. રાખવામાં કશો લાભ નથી.'

ત્રીજો પ્રસંગ છે, “સ્મરણ વિવેક” તે નીચે પ્રમાણે છે :

વિનોબાની સ્મરણશક્તિ ઘણી તેજ હતી. એકવાર કહેતા હતા, ‘મને સંસ્કૃત, મરાઠી, ગુજરાતી, હિન્દી, તમિલ, તેલુગુ વિગેરે ભાષાઓના ૫૦,૦૦૦ જેટલા કાવ્યો-શ્લોકો મોઢે છે.'

‘બાબા, આટલું બધું તમને યાદ શી રીતે રહે છે ?' કોઈ કે પૂછ્યું.'

ત્યારે તેમણે માર્મિક વાત કરી ‘મેં બીજો બોજો ઉપાડ્યો નથી. એટલે આટલાં બધાં શાસ્ત્રના વચનો યાદ રહે છે. કેટલાંકને કઈ ચીજ યાદ રાખવી ને કઈ યાદ ન રાખવી તેનો વિવેક હોતો નથી, મને એ વિવેક સદી ગયો છે. બીજાના દોષો ભૂલી જાઉં છું, તેમ મારા દોષો પણ ભૂલી જાઉં છું. ભૂતકાળને ભૂલી જવાની કળા શીખવા જેવી છે.'

મારી સવારની પ્રવૃત્તિઓ સંદર્ભમાં આ ત્રણ પ્રસંગોને મમળાવતો રહ્યો. મેં કેટલી બધી સ્મૃતિઓને મનમાં સંઘરી રાખી છે, ફાઈલોમાં સંઘરી રાખી છે. કેમ એ મોહ છૂટતો નથી ? મને કાયદાની થોડી કલમો અને સૂત્રો યાદ રહ્યા તેમાં હું ફુલાઈ ગયો, પરંતુ હું ભૂલવાની કળા શીખ્યો છું ખરો ? પોતાનાં જ નહીં, બીજાના દોષો ભૂલતા શીખ્યો છું ખરો ? શું યાદ રાખવું, શું યાદ ન રાખવું તેનો વિવેક કેળવ્યો છે ખરો ?

મને થયું કોઈ પણ સારી વસ્તુ શીખવામાં કદી મોડું થતું નથી. ભલે મને ૮૫ વર્ષ થઈ ગયા, પણ કાલથી હું શરૂઆત કરી શકું. વિનોબાજીની વાત જીવનમાં ઉતારવાનો મેં સંકલ્પ કર્યો અને મને મીઠી નિંદર આવી ગઈ.

**- શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫**

# શ્રીમદ્ ભગવદગીતાજીનું મહાત્મય



ડિસેમ્બર મહિનો હજી તો આવે ન આવે કે ત્યાં બધાનાં મોઢે એક જ નામ રમતું થઈ જાય– ક્રિસમસ. ડિસેમ્બર મહિનો જાણે કે ક્રિસમસ અને એમાં મળતાં લાંબા વેકેશન કે ઉજવણીના પર્યાયરૂપ બની જ ગયો છે. બદલાતા સમય પ્રમાણે આજે નાના મોટા સહુ ક્રિસમસની ઉજવણીમાં લાગી જાય છે આપણને એનો વિરોધ ન હોય કેમ કે આપણા ધર્મએ હંમેશા આપણને સર્વ ધર્મ સમભાવ જ શીખવ્યું છે. આપણા ભવ્ય વારસાની ગરિમા જાળવવામાં આપણી સંસ્કૃતિ કે આપણા સંસ્કારોનું જતન કરવામાં આપણે હંમેશા પાછાં જ પડ્યા છીએ. જેટલી સરળતાથી આપણે બહારની સંસ્કૃતિ, એમના વિચારો કે એમની પદ્ધતિઓને અપનાવી લઈએ છીએ ને એટલી જ સરળતાથી આપણે આપણી મહામૂલી વિરાસત વિસરી રહ્યા છીએ. એટલે ખાસ કરીને આજની નવી પેઢી જો ક્રિસમસ ઉજવતી હોય તો ખુશીથી ઉજવે પણ અમારી પેઢીને મારી આગ્રહભરી વિનંતી છે કે એની સાથે સાથે આપણા ખાસ મહિનાઓ કે દિવસોનું મહત્વ પણ આવનારી પેઢીને સમજાવે.

અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે જેમ ડિસેમ્બરમાં ક્રિસમસ આવે છે તો આપણા વિક્રમ સંવત પ્રમાણે ગુજરાતી પંચાગનો દ્વિતીય માસ જેને મહર્ષિ ભગવાન વાલ્મિકીએ 'સંવત્સરભૂષણ' એટલે કે આખા વર્ષનું ઘરેણું કહ્યું છે. તેવો માર્ગશીર્ષ (માગશર) મહિનો, એનું માહાત્મ્ય પણ સમજાવો. આપણા શાસ્ત્રો કહે છે કે માગશર માસમાં કરેલા જપ, તપ, દાન, વ્રત અને ઉપવાસનું ખૂબ ઉત્તમ ફળ મળે છે. બહુ ઓછા લોકો જાણે છે કે માગશર મહિનાનું ખગોળની દૃષ્ટિએ પણ ખૂબ મહત્વ છે. ભગવાન શ્રીકૃષ્ણનાં મતે તો માગશર મહિનો એટલે શ્રેષ્ઠ મહિનો. ભગવાન શ્રી કૃષ્ણે શ્રીમદ્ ભગવદ ગીતાનાં દસમાં અધ્યાયમાં વિભૂતિ યોગના શ્લોકમાં કહ્યું છે કે, "ઋતુઓમાં હું વસંત છું. મહિનાઓમાં ઉત્તમ એવો

માગશર છું.” એટલે કે ભગવાને માગશર મહિનાને પોતાની એક વિભૂતિ ગણાવી છે.

આ મહિનાને એટલું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે કે માગશર સુદ પૂનમનાં દિવસે ભગવાન વિષ્ણુ અત્રિ ઋષિ અને માતા અનસૂયાને ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થયા હતાં જે દત્તાત્રેય કહેવાયા. દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણે આ જ દિવસે મોક્ષ આપવાવાળી ભગવદ્ ગીતાનો ઉપદેશ આપ્યો હતો માટે આ દિવસને ગીતા જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે.

કુરુક્ષેત્રનાં મેદાનમાં શ્રીકૃષ્ણે જ્યારે ગીતાનું જ્ઞાન આપ્યું હતું તે દિવસે હિંદુ પંચાગ પ્રમાણે એકાદશી હતી. માટે આ એકાદશી હવે મોક્ષદા એકાદશી તરીકે ઓળખાય છે. સહુથી મહત્વની વાત એ છે કે દરેક અવતારોની જયંતિ ઊજવાય પણ ગીતા એક માત્ર એવો ગ્રંથ છે જેની જયંતિ ઊજવાય છે. મહર્ષિ વેદવ્યાસ રચિત ભારતીય સંસ્કૃતિનાં જ્ઞાનકોશ સમાન મહાભારતમાં કુલ ૧૮ પર્વ છે. જેમાં ભીષ્મપર્વમાં ૨૫ થી ૪૨ સુધીનાં ૧૮ અધ્યાય ‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’ તરીકે ઓળખવામાં આવે છે.

ગીતામાં કુલ ૧૮ અધ્યાયો અને ૭૦૦ શ્લોક છે. આખી ગીતા થોડાં શ્લોકોનાં અપવાદ સિવાય અનુષ્ટુપ છંદમાં રચાયેલી છે. ગીતામાં શ્રીકૃષ્ણએ ૫૭૪ શ્લોકમાં અર્જુનને જ્ઞાન આપ્યું છે, જ્યારે અર્જુને ૮૫ શ્લોક દ્વારા પોતાની શંકા અને પ્રશ્નો પ્રગટ કર્યા છે. તો વળી ૪૧ શ્લોક એવા પણ છે જેમાં સંજય અને ધૃતરાષ્ટ્રનો સંવાદ છે. આ ૧૮ અધ્યાયને ત્રણ ભાગમાં વિભાજિત કરીએ તો પ્રથમ છ, ‘જ્ઞાનયોગ’, બીજા છ એ ‘ભક્તિયોગ’ અને અંતિમ છ અધ્યાય ‘કર્મયોગ’ તરીકે જાણીતા છે. આશરે પાંચેક હજાર વર્ષ પહેલાં ગીતાજીનું સર્જન થયેલું એવું માનવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૧૦૦ થી પણ વધુ ભાષાઓમાં તેનું ભાષાંતર થયેલું છે. ભાગ્યે જ કોઈ ભાષા બાકી હશે જેમાં આ મહાગ્રંથનો અનુવાદ નહિ થયો હોય. ગીતાનું જ્ઞાન અર્જુન ઉપરાંત અન્ય બે લોકોએ પણ સાંભળ્યું હતું. વેદવ્યાસજી પાસેથી દિવ્ય દૃષ્ટિ મેળવનાર સંજય અને સંજયનાં મુખેથી ધૃતરાષ્ટ્ર એ સાંભળ્યું હતું.

અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થા આઈ.આઈ.એમ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ અભ્યાસક્રમમાં ભગવદ્ ગીતાનો સમાવેશ કર્યો છે. દરેક વ્યક્તિને સમજણ આવ્યા પછી શાળા કે કોલેજકાળ દરમ્યાન અમુક તબક્કે અભ્યાસક્રમમાં જો ગીતા ભણાવવામાં આવે તો કોઈ દિવસ કોર્ટમાં ગીતા પર હાથ રાખીને કસમ ખાવાનો વારો નહિ આવે. એટલું જ નહિ કોઈ પણ વ્યક્તિ જીવનરૂપી મહાભારતમાં ગમે તેટલા સંઘર્ષમય તબક્કામાંથી પસાર થતો હશે પણ જો તેણે ગીતા વાંચી હશે તો ક્યારેય નાસીપાસ તો નહિ જ થાય. હિંમત તો નહિ જ હારે.

અવારનવાર આપણે અખબારોમાં વાંચતા હોઈએ છીએ કે જિંદગીથી ત્રસ્ત થયેલા કે હિંમત હારેલા લોકો જે રીતે અચાનક જીવનનો અંત આણી દેતા હોય છે એવો તબક્કો તો ક્યારેય નહિ આવે જો ગીતા વાંચી હશે. જેણે પણ એક વાર સાચી શ્રદ્ધા અને સંપૂર્ણ નિષ્ઠાથી ગીતા વાંચી હશે એને સંસારરૂપી ભવસાગર કેમ તરવો એનું આત્મજ્ઞાન થયા વગર રહી શકે ખરૂ? ટૂંકમાં કહું તો ‘લાઈફ મેનેજમેન્ટથી માંડીને મોક્ષ’ સુધીની યાત્રા કરાવનાર કોઈ એક જ ગ્રંથ હોય તો એ છે – ભગવદ્‌ગીતાજી.

શ્રીમદ્ ભગવદ્ ગીતા એક સાર્વભૌમ ગ્રંથ છે. આ કોઈ કાળ, ધર્મ કે સંપ્રદાય વિશેષ માટે નહિ પણ સંપૂર્ણ માનવજાતિ માટે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં માધ્યમથી ભગવાન શ્રીકૃષ્ણે જીવન જીવવાની ચાવીઓ માત્ર હિંદુઓને જ આપી છે એવું નથી આ ગ્રંથ સમગ્ર માનવજાત માટે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ જાતિ ધર્મ કે માન્યતાનાં સીમાડાઓની પારનો ગ્રંથ છે અને એટલે જ વિશ્વના કોઈ પણ વ્યક્તિને બીજા કોઈ ભારતીય ગ્રંથનું કદાચ નામ આવડતું હોય કે ન આવડતું હોય પરંતુ ‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’ તો ખબર જ હોય. ગીતા આટલાં વર્ષો પછી પણ વિશ્વભરમાં પ્રચલિત છે. ગીતાનાં અઢારમાં અધ્યાયનાં અંતે ભગવાન પણ કહે છે કે, ‘મેં તને સાચો માર્ગ બતાવ્યો છે હવે તારે જે પ્રમાણે કરવું હોય તેમ કર’ આનો મતલબ શું છે ? એનો સીધો અને સરળ મતલબ એ છે કે આ ગ્રંથ કોઈ સામાન્ય ધર્મની જેમ તમને કશું કરવા માટે બાંધતો નથી પણ સાચો માર્ગ બતાવી બુદ્ધિ સ્વાતંત્ર્ય આપે છે. અંતે તો સાચા માર્ગ ઉપર સમજીને આપણે જ

ચાલવાનું છે.

વિશ્વનાં મોટા ભાગનાં તત્ત્વચિંતકો, તત્ત્વજ્ઞાનીઓ, ક્રાંતિકારીઓ અહીં સુધી કે મોર્ડન સાયન્ટિસ્ટોએ પણ આ મહાગ્રંથમાંથી પ્રેરણા લીધી છે અને હજી લઈ રહ્યાં છે. આ એક ગ્રંથ જો આટલા બધા લોકોને પ્રેરણા આપી શક્તો હોય તો મારાં તમારાં જેવા સામાન્ય માણસને તો ચોક્કસ આપી જ શકે.

## 'ભગવદ્ગીતા'ની ખાસ વિશિષ્ટતાઓ

(૧) 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' એટલે શ્રી ભગવાને ગાયેલું ગીત.

(૨) મહાભારતના કુલ ૧૮ (અઢાર) પર્વ છે. જેમાં છઠ્ઠો પર્વ ભીષ્મપર્વ છે. ભીષ્મપર્વના અધ્યાય નંબર ૨૫ થી ૪૨ના કુલ ૧૮ અધ્યાય એટલે જ ગીતા.

(૩) સૌ પ્રથમ શ્રી વિષ્ણુ ભગવાન થયા. તેમની નાભિમાંથી બ્રહ્માજી થયા. બ્રહ્માના માનસ પુત્ર શ્રી વશિષ્ઠ ઋષિ થયા, તેમના શક્તિ, શક્તિના પારાશર, પારાશર અને મત્સ્યગંધાના મિલનથી થયા વેદવ્યાસ જેમનું સાચું નામ શ્રીકૃષ્ણ બાદરાયણ (દ્વૈપાયન) વ્યાસ જે ૧૮ મા છેલ્લા વેદવ્યાસ હતા તેમણે ગીતાને છંદબદ્ધ શ્લોકોમાં રૂપાંતર કરી ગીતા લખી.

(૪) ગીતા માત્ર ૪ (ચાર) વ્યક્તિ વચ્ચેનો સંવાદ છે. ધૃતરાષ્ટ્ર, સંજય, અર્જુન અને શ્રીકૃષ્ણ ભગવાન. સંજય ધૃતરાષ્ટ્રના સારથિ હતા જે વિદ્વાન ગવલ્ગણ નામના સારથિના પુત્ર હતા. શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ હતા. સંજયને વેદવ્યાસે દિવ્યદૃષ્ટિ આપી હતી તો વિરાટરૂપનાં દર્શન કરવા શ્રીકૃષ્ણ અર્જુનને દિવ્યદૃષ્ટિ આપે છે. બન્ને બાજુ સારથિ – બન્ને બાજુ દિવ્યદૃષ્ટિ. કેવો યોગાનુયોગ !

(૫) ગીતામાં કુલ ૭૦૦ (સાતસો) શ્લોક છે જે પૈકી ૫૭૫ શ્લોક શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા છે, ૮૫ શ્લોક અર્જુન બોલ્યા છે. ૩૯ શ્લોક : સંજય અને માત્ર ૧(એક) શ્લોક ધૃતરાષ્ટ્ર બોલ્યા છે.

(૬) આખી ભગવદ્ ગીતામાં "હિંદુ" શબ્દ એક પણ વખત આવતો નથી – તે હિંદુ ધર્મનો ધર્મગ્રંથ હોવા છતાં પણ એ જ સાબિત કરે છે કે ગીતા વૈશ્વિક

ધર્મગ્રંથ છે.

(૭) શ્રીમદ્ ભગવદ્ ગીતા એ એવો એક ધર્મગ્રંથ છે જેનો અનુવાદ વિશ્વની તમામે તમામ ભાષાઓમાં થયો છે.

(૮) ભક્તિના કુલ ૯ (નવ) પ્રકાર છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. આ નવેનવ પ્રકારની ભક્તિનું વર્ણન, વ્યાખ્યા શ્રીમદ્ ભગવદ્ ગીતામાં છે.

(૯) ગીતાના દરેક અધ્યાયના પૂરા થયાની નોંધ માટે જે પંક્તિ આવે છે તેને પુષ્પિકા કહે છે જે મુજબ ગીતા બ્રહ્મવિદ્યા છે, યોગનું શાસ્ત્ર છે.

(૧૦) શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રદ્ધાનો, ભક્તિનો, ધર્મનો અને સત્યનો એવો આધારસ્તંભ છે કે આપણા દેશની તમામ અદાલતોમાં પણ તેના ઉપર હાથ મૂકી સોગંદ લે પછી સત્ય જ બહાર આવશે તેટલી અધિકૃતિ મળેલી છે.

(૧૧) જે આસક્તિનો ત્યાગ કરે છે તે જ પ્રભુને પામી શકે છે. મહાત્મા ગાંધીજીએ એટલે જ ગીતા વિશે જે પુસ્તક લખ્યું છે તેનું ચોટડૂક શીર્ષક 'અનાશક્તિ યોગ' આપ્યું છે. ઉપનિષદમાં પણ કહ્યું છેઃ ત્યેન ત્યકતેન ભુંજિયા – ત્યાગીને ભોગવો.

(૧૨) ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અર્થવેદ – ચાર વેદો છે. પણ ગીતાને પાંચમો વેદ કહેવાય છે.

(૧૩) મહાભારતના પર્વ ૧૮ છે. ગીતાના અધ્યાય ૧૮ છે. સરવાળો ૯ થાય છે. ૯ એ પૂર્ણાંક છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના કુલ અક્ષરો પણ ૯ થાય છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણના કુલ ૧૦૮ નામ છે. કુલ ૧૦૮ સુવાક્યો છે, ગીતાને સંસ્કૃતમાં શ્લોકબદ્ધ કરનાર 'શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ'નું નામ પણ ૯ અક્ષરનું છે, ગીતામાં 'યોગ' શબ્દ ૯૯ વખત આવે છે, ગીતામાં કુલ ૮૦૧ વિષયોનું વર્ણન છે, યોગ માટે ૫૪ શ્લોકો છે, ગીતામાં ભગવાન પોતાની વિભૂતિઓનું વર્ણન કરે છે. જેમ કે વૃક્ષોમાં હું પીપળો છું. નદીઓમાં હું ગંગા છું – તો ગીતામાં આવી કુલ મળી ૨૩૪ વિભૂતીઓનું વર્ણન છે.

(૧૪) ગીતાના ૧ થી ૬ અધ્યાયમાં કર્મ, ૭ થી ૧૨ અધ્યાયમાં ભક્તિ અને ૧૩ થી ૧૮ અધ્યાયમાં જ્ઞાનનો વિશેષ મહિમા છે.

(૧૫) કોઈ પણ ધર્મના સિદ્ધાંતોને વેદ-ઉપનિષદ-ભગવદ્ ગીતા આ ત્રણનો આધાર લઈ શાસ્ત્રોક્ત રીતે સાબિત કરવામાં આવે છે તેને પ્રસ્થાનત્રયી કહે છે જેમાં ગીતાનું સ્થાન મોખરે આવે છે. ધર્મની એક પણ ગૂંચવણ એવી નથી કે જેનો ઉકેલ ભગવદ્ ગીતામાં ના હોય !!

(૧૬) ગીતાએ આપણને એના પોતીકા સુંદર શબ્દો આપ્યા છે. લગભગ આવા શબ્દોની સંખ્યા ૧૦૦ થવા જાય છે જે પૈકી ઉદાહરણ તરીકે ૧૦ શબ્દો અત્રે પ્રસ્તુત છે. અનુમંતા, કાર્યણ્યદોષ, યોગક્ષેમ, પર્જન્ય, આતતાયી, ગુણાતીત, લોકસંગ્રહ, ઉપદ્રષ્ટા, છિન્નસંશય, સ્થિતપ્રજ્ઞા.

(૧૭) એકલી ગુજરાતી ભાષામાં શ્રીમદ્ ભગવદ્ ગીતા વિષે અલગ અલગ સમજૂતી આપતા ટીકા-ટીપ્પણી કરતાં, લગભગ ૨૫૦ પુસ્તકો હાલ ઉપલબ્ધ છે જે દર્શાવે છે કે આ ગ્રંથ કેટલો મહાન છે.

(૧૮) આજે શ્રીમદ્ ભગવદ્ ગીતાને કુલ ૫૧૧૬ વર્ષ થયા છતાં ગીતામાં દર્શાવેલા ધર્મસિદ્ધાંતોનું - મતનું કોઈએ પણ કોઈ ખંડન કર્યું નથી તે જ દર્શાવે છે કે ગીતા સર્વમાન્ય ગ્રંથ છે.

(૧૯) ગીતાનો સૌથી શ્રેષ્ઠ મંત્ર તજજ્ઞોની દૃષ્ટિએ અઢારમા અધ્યાયનો છાસઠમો શ્લોક છે જેમાં શ્રીકૃષ્ણ સ્વયં પોતાના મુખેથી જણાવે છે કે હું તને સર્વપાપોથી છોડાવીશ તેમાં તું સહેજ પણ શોક ન કર. ગીતાનો સાર પણ આ જ શ્લોકમાં છે. અર્થાત્ વિશ્વાસ એ જ વિશ્વનો શ્વાસ છે.

(૨૦) જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા.

**- સંકલન, સી.એ. બીપીન શાહ, વડોદરા**
**મો. ૯૯૩૦૩ ૬૪૧૭૦**

# સફળતા અને સુખનું અંતર



દરેક મનુષ્યને એની ઇચ્છા પૂછવામાં આવે કે તમારે સફળ થવું છે કે સુખી? તો તમે શું પસંદ કરો ? સફળતા માટે માણસે સુખનું કેટલું બલિદાન આપવું જોઈએ ? દરેક માણસને સફળ થવું છે. સફળ થવાની ઇચ્છા વ્યાજબી પણ છે અને જરૂરી પણ છે. બધાને પોતાની આગવી ઓળખ જોઈએ છે. બધાને જાણીતા બની જવું છે. સમાજમાં મોભાદાર બનવા માટે માણસ કંઈ પણ કરે છે. માણસ વિશે બધાને બધી ખબર હોવી જોઈએ. પોતાના વર્તુળમાં માણસ મોટા અને મોખરે થવાની મહેનત કરતો રહે છે. પણ ક્યારેક એવો વિચાર કર્યો છે કે આખું ગામ તમને ઓળખતું હોય અને ઘેર રાહ જોવાવાળુ જ કોઈ ન હોય તો ? દુનિયામાં જેટલા માણસો સફળ છે એને જઈને પૂછો તો કદાચ કહેશે કે સફળતા કરતાં સુખ મહત્વનું છે. હા, સફળતા સુખ આપે છે પણ એ સુખ કાયમી હોતું નથી. જ્યારે કોઈ સન્માન મળે તો એની અસર એક બે અઠવાડિયામાં ખતમ થઈ જાય છે. સુખ અને સુખની અનુભુતિમાં ફર્ક છે.

આપણા ઘરમાં આપણાં જ સંતાનને સન્માન મળે તે સફળતાનો અહેસાસ તેના ઘરના વડીલોને સૌથી વધારે થાય છે. સફળતા સંતાનને મળી છે ને સુખનો અહેસાસ વડીલોને થાય છે. વડીલો જેવો સ્નેહ કોઈ પણ આપી શકે નહિ. તેમના ચહેરાની ખુશી સંતાનો માટે સન્માન કરતા અનેકઘણી મહત્વની છે. જ્યારે વડીલો કહે કે તે તો અમારું અભિમાન વધાર્યું છે. ત્યારે સફળતા જોઈને આંખો ભીની થઈ જાય છે. માણસની નજર તાળીઓ ઉપર નહી પણ એ ભીની આંખો તરફ જ સૌથી પહેલી જાય છે. એવી આંખો ન હોય તો એવું લાગે છે કે આ સફળતાનો કોઈ મતલબ નથી.

હોડ અને દોડમાં માણસને એ ભાન નથી રહેતું કે સુખ ક્યાં અલોપ થઈ

ગયું. માણસને એવું લાગતું હોય છે કે એ સુખ માટે સફળતા તરફ દોડી રહ્યો છે. પણ હકીકત ઊંધી દોડ લગાવી સુખથી દુર ભાગી રહ્યો છે. સફળતા ચોક્કસપણે જરૂરી છે. જો કોઈ માણસે સફળ થવાનું વિચાર્યું ન હોત તો દુનિયા આજે છે એવી ન હોત. ઘરમાં બેઠા રહેવું તે સુખ નથી. દરેક માણસે સફળ થવાનો પ્રયાસ કરવો જ જોઈએ. વિચાર માત્ર એટલો જ કરવાનો હોય છે કે સફળતા માટે હું જે ભોગ આપવા તૈયાર થયો છું એ વ્યાજબી છે ? સફળ થઈને મારે કરવું છે શું ? શાંતિ જરૂરી છે. સુખ મહત્વનું છે. સફળતાની કિંમત ચૂકવવી પડે છે, સફળતા માટે એ કિંમત ચૂકવવી પણ જોઈએ. કેટલી કિંમત ચૂકવવી એ જ આપણે નક્કી કરવાનું હોય છે. સુખ જ વેચવું પડે એટલી કિંમત સફળતા માટે ન ચૂકવવી જોઈએ.

સફળતા અને સુખ વચ્ચે સામ્યતા જાળવતાં આવડવું જોઈએ. સફળતા કાયમ રહેતી નથી. સુખ સનાતન છે. સુખ અને સફળતામાં ભેદ શું છે ? સફળતાનો નશો હોય છે અને સુખની અનુભૂતિ હોય છે. દુનિયામાં કોઈ નશો હંમેશા રહેતો નથી. નશો ગમે તેવો હોય આખરે તે ઉતરી જ જતો હોય છે. અનુભૂતિ અવિરત થતી રહે છે. નશો દિમાગ પર છવાયેલો રહે છે. જ્યારે અહેસાસ દિલને સ્પર્શે છે. નશાનું હેંગઓવર હોય છે અનુભૂતિમાં આહ્લાદકતા હોય છે.

મહાન ધનિક અને મોભાદાર બની જશો તો કદાચ લોકો તમને ઓળખશે પણ તમને તમારા લોકો ઓળખતા હોય અને તમે તમારા લોકોને ઓળખતા હોય એ જરૂરી છે. આપણને જોઈને બધા હાથ હલાવતા હોય પણ એકેય હાથ જો આપણાં હાથમાં ન હોય તો સમજવું કે સફળતા માટે તમે વધુ પડતી કિંમત ચૂકવી દીધી છે.

**- દિલીપ શાહ, મુંબઈ**
**મો. ૯૬૮૯૯ ૧૨૧૪૮**

# ભગવાન એક આસ્થા



આપણને પ્રશ્ન જરૂર થાય કે ભગવાન કેવા છે ? અને તેમનું સ્વરૂપ કેવું છે ? આપણે મંદિરમાં ભગવાનના દર્શન કરવા જઈએ છીએ ત્યારે મંદિરમાં બિરાજેલા ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવીએ છીએ. ભગવાન ફક્ત મંદિરમાં જ નથી પરંતુ દરેકના *હૃદય*માં પણ છે. ખરા દિલથી અને પૂર્ણ શ્રદ્ધાથી ભગવાનનું સ્મરણ કરો તો ભગવાન કોઈ પણ સ્વરૂપે મળે છે. પણ તેને ઓળખવાની આપણામાં શક્તિ જોઈએ. ઉગતા સૂરજના કોમળ કિરણોમાં પ્રભુનો વાસ છે, ચંદ્રમાની કોમળ ચાંદનીમાં પણ તેનો વાસ છે તથા ફૂલોની સુગંધમાં પણ પ્રભુનો વાસ છે.

આપણે મંદિરમાં જઈએ છીએ અને જે ઘંટનાદ થાય છે ત્યારે તેના ગુંજનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે અને આપણું હૃદય એકદમ પુલકિત થઈ જાય છે અને આપણે દુન્યવી બાબતો તથા દુ:ખ ભૂલી જઈએ છીએ.

નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય હતી. પ્રભુમાં તેમનો દૃઢ વિશ્વાસ હતો. તેઓ અત્યંત ગરીબાઈમાં જીવતા હતા. તેમના સગાવ્હાલા તથા ગામનાં લોકો તેમને ધુત્કારતા હતા. છતાં તેમણે પ્રભુભક્તિ સિવાય અન્ય કોઈ વિચાર ન હતો. કુંવરબાઈના મામેરા વખતે પોતાના ભક્તની લાજ રાખવા જાતે શેઠ, શેઠાણીનો વેશ લઈને ભવ્ય રીતે મામેરાનો પ્રસંગ પાર પાડ્યો હતો.

મીરાબાઈ પ્રભુ ભક્તિમા એવા ઓતપ્રોત થઈ જતા હતા કે તેમને કૃષ્ણ સિવાય કોઈનામાં મન પરોવાતું જ ન હતું.

ભગવાન બહુ દયાળુ અને પ્રેમાળ છે. કેરલના કુરૂરમ્મા નાની વયે વિધવા થયેલા. પહેલાના જમાનામાં વિધવા સ્ત્રીએ ઘરમા જ રહેવાનું અને ઘરનું કામકાજ કરવાનું એવો રિવાજ હતો. કરૂરમ્મા પહેલેથી જ કૃષ્ણના બાળ સ્વરૂપની ભક્તિ કરતા. તેમને કોઈ સંતાન ન હતું એટલે તેઓ કૃષ્ણને જ પોતાનો પુત્ર છે એમ માનતા. કહેવાય છે કે જ્યારે તેઓ કૃષ્ણને બોલાવે ત્યારે કૃષ્ણ તેમની પાસે

હાજર થતા. કૃષ્ણ ભગવાન પ્રત્યે તેમનો વાત્સલ્ય ભાવ અનન્ય હતો.

રામકૃષ્ણ પરમહંસ કહે છે કે ઈશ્વરની કૃપાનો પવન તો હંમેશા વાઈ રહ્યો છે. હવે તે પવન પ્રમાણે આપણી નાવનું શઢ ચઢાવી શકીએ છીએ કે નહી તે આપણા હાથની વાત છે. જો પવનનો ઉચિત ઉપયોગ કરીશું તો આપણે ઈશ્વરીય કૃપાની દિશામાં આગળ વધી શકીશું.

આપણે રાત્રે આકાશમાં ખૂબ તારા જોઈએ છીએ પણ સૂર્યોદય થયા પછી તારા દેખાતા બંધ થઈ જાય છે. દિવસે તારા ના દેખાય એટલે આપણે કહીશું કે તારાનું અસ્તિત્વ જ નથી. એ જ રીતે અજ્ઞાનને કારણે ભગવાનને જોઈ ન શકો તો એમ ન કહેવાય કે ભગવાન જેવું કશું હોતું જ નથી.

ભગવાન એક જ છે. જેમ પૃથ્વી, ચંદ્ર, એક જ છે તેમ ભગવાન એક જ છે. જેને જે ભગવાનમાં શ્રદ્ધા હોય તે ભગવાનને ભજે. પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજે કહ્યું છે કે રામ અને શ્યામ એક જ છે. ફક્ત નામ જુદા છે. બારીસ કહો કે વોટર કહો, જળ કહો વસ્તુ એક જ છે. ફક્ત નામ અલગ છે. પ્રભુ પ્રત્યે વિશ્વાસ અને ઉચ્ચ ભાવના જરૂરી છે. કોઈ પણ કાર્ય કરવું હોય તો તેનો દૃઢ વિચાર, મહેનત, બુદ્ધિ અને ઈશ્વરના આશિર્વાદ આ ચાર વસ્તુ ભેગી થાય તો ધારેલા કાર્યમાં ઈશ્વર જરૂર મદદ કરે છે. મનમાંથી નકારાત્મક વિચારો તેમજ નિરાશાને કાઢી નાંખો.

જીંદગી એક રંગમંચ સમાન છે. જેમાં આપણે માત્ર એક કલાકાર છીએ. દિગદર્શક તો ઉપરવાળો છે. દિગદર્શક જે પ્રમાણે સૂચના આપે તે પ્રમાણે આપણે રોલ ભજવવાનો છે.  સમગ્ર જગત ભગવાનનું સ્વરૂપ છે અને ભગવાન તેમાં સૂક્ષ્મ રૂપે રહ્યા છે તેથી સમગ્ર જગત ભગવાન રૂપ જ છે.

ભગવાનના આશિર્વાદ ત્યારે જ મળે છે જ્યારે મા–બાપની સાચા દિલથી સેવા કરીએ. ગરીબ તથા રોગિષ્ટ માણસની સેવા કરીએ અને મુંગા પશુઓને પ્રેમ કરીએ તેમજ વડીલોના આશિર્વાદ લઈએ. જરૂરિયાત મંદોને મદદરૂપ થઈએ ત્યારે જ ભગવાન ખુશ થાય છે.

**- પરિમલ એન. શાહ, ભરૂચ**
**મો. ૯૭૨૪૪ ૬૫૯૭૪**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

## આવો આપણે બાળપણનું જતન કરીએ....!



કડવા વેણ બોલી અને ના કરમાવો,
ઈશ્વરનું સ્વરૂપ અમે સૌ, લાડના લાડુ ખવરાવો;
હેતને ઝંખતું સદાય અમારું કોમળ હૈયું,
નહીં દંડ કે શિક્ષાથી, અમને પ્રેમથી સમજાવો.”

ઈશ્વરનું સ્વરૂપ કહો કે ઈશ્વરનું વરદાન, ઈશ્વરના ઓટોગ્રાફ કહો કે ઈશ્વરનો એલચી આ દરેક ઉપમા આપણે ઈશ્વરના અંશ સ્વરૂપ આપણાં બાળકને આપીએ છીએ, પરંતુ શું આપણે આપણાં બાળકનો ઉછેર, કેળવણી, શિક્ષણ અને સંસ્કારો ઈશ્વર સમાન આપીએ છીએ ? પાંચ વર્ષ સુધીનાં બાળકને આપણાં તરફથી શું શું અપેક્ષાઓ હોય છે ? તેની આપણને ખબર છે ? ફક્ત અક્ષરજ્ઞાન આપવું એ જ શિક્ષણ નથી. આપણી સંસ્કૃતિ, આપણી માતૃભાષા અને આપણી પ્રકૃતિને પ્રેમ કરતાં શીખવવું એ ખૂબ જરૂરી શિક્ષણ છે. આવું જ બાળ ઉછેરનો સાચો મર્મ શીખવતું એક અનોખું ચિંતનાત્મક પુસ્તક એટલે **‘ચિંતનકણિકા’**.

આ ચિંતનાત્મક પુસ્તકનાં વિદ્વાન લેખક શિક્ષણ જગતના સારસ્વત, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ, બારડોલી ખાતે શ્રી સરસ્વતિ શિશુમંદિરના સ્થાપક ઉપરાંત અનેક શિક્ષણ સંસ્થાઓના સભ્ય પણ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ ‘માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન’ના ઉપાધ્યક્ષ તરીકે આપણી ગુજરાતી ભાષાના સંવર્ધન, સંરક્ષણ અને સજ્જતા માટે ખૂબ જ અદ્‌ભુત કામગીરી કરી રહ્યાં છે. શિક્ષણજગત ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન અને અત્યાર સુધી જેમનાં સત્તર પુસ્તકો પ્રકાશિત થયા છે અને તે તમામ પુસ્તકો ખૂબ જ લોકપ્રિયતા પામ્યાં છે તેવાં આદરણીય લેખક શ્રી હર્ષદ પ્ર. શાહ છે.

સારસ્વત લેખક શ્રી હર્ષદ પ્ર. શાહ લખે છે, “મારા સુદીર્ઘ વ્યક્તિગત જીવનના નક્કર અનુભવોને આધારે અને ભારતીય સંસ્કૃતિ, પરંપરાઓના ઊંડા ચિંતન-મનન અને અધ્યયનના પરિણામે હું બાળકને ‘ઈશ્વરના વિકલ્પે પૂજી શકાય

એવું પાત્ર' માનવાની દૃઢ માનસિકતા ધરાવું છું. આજ સુધીના જીવન–અનુભવો અને આ વિષયના વાંચન–નિષ્કર્ષો પરથી બાળકના વ્યક્તિત્વને સમજી, તેનો યોગ્ય ઉછેર થાય તે માટેનું પ્રબોધન અહીં નાનકડી ચિંતન–કણિકાઓ સ્વરૂપે રજૂ કરેલું છે. મૂળ તો આ આખો પ્રકલ્પ દૈનિક ચિંતનકણિકા સ્વરૂપે આકાર પામ્યો હતો. તે મારા સીધા સંપર્કમાં આવતા કે સોશિયલ મીડિયા દ્વારા સંપર્કમાં રહેતાં સ્નેહીજનો અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સાથે જોડાયેલો પ્રત્યેક કર્મચારી સમજે અને તેમના થકી આ વાત આપણા સમાજમાં સારો પ્રચાર–પ્રસાર પામે તે ઉદ્દેશ હતો. પરંતુ આ પ્રબોધન કરવાનો નિત્યક્રમ તેના એકાદ વર્ષના મુકામ પછી એક સૂત્રમાં બાંધી શકાય એવા પુસ્તકસ્વરૂપે પ્રગટ થાય એટલો વિસ્તાર પામ્યો. પુસ્તકરૂપી માળામાં આ મણકાઓ પરોવાય તો સમાજના અન્ય લોકોને પણ તે ઉપયોગી બને અને બાળઉછેરની જે પદ્ધતિ અને પ્રક્રિયામાં આપણે વિશ્વાસ ખોઈ બેઠા છીએ તે વિચાર અને વિશ્વાસ પુનઃ પ્રતિષ્ઠિત થાય તે હેતુથી ચિંતનકણિકા સ્વરૂપે રજૂ થયેલું બાળવિકાસ અંગેનું પ્રબોધન પુસ્તકરૂપે આપ સૌની સમક્ષ છે. કહેવાય છે કે, 'પુસ્તકો એટલે મનુષ્યના ઉત્તમ વિચારો સંઘરી રાખવા માટેની પેટી'. મને વિશ્વાસ છે કે મારા વિચારોની આ પેટી આપના ઘરમાં અને સમાજમાં હંમેશા ખુલ્લી રહેશે અને એ પેટીમાં સચવાયેલી જણસ આપનાં બાળકોને ઉત્તમ ઘડતર માટે શ્રેષ્ઠ સાધન પુરવાર થશે. જો એવું થઈ શકે તો પાંચ દાયકાનું મારું અનુભવજન્ય જીવન ધન્ય થયાની લાગણી અનુભવશે."

બાળ ઉછેર પ્રત્યે હંમેશા ચિંતિત લેખક શ્રી એ અહીં એ ચિંતા વિશે ગહન ચિંતન કરીને આ કણિકાઓ આપણી સમક્ષ મુકી છે, જેના પર દરેક જાગૃત વાલીઓ અને શિક્ષકોએ અમલ કરવો ખૂબ જરૂરી છે, તો જ આપણે આપણું ભવિષ્ય, આપણાં બાળકનું ભવિષ્ય ઉજ્જવળ અને સુરક્ષિત બનાવી શકીશું.

'બાળકને જાણવું, સમજવું, એની નિર્દોષતાને માણવી, એની પ્રત્યેક ક્રીડાનું અવલોકન કરવું, એની સાથે રહેવું અને એને સાથે રાખવું એક મહાભગીરથ કાર્ય છે... મહાસાગર ઉલેચવા જેવું !' – **હર્ષદ પ્ર. શાહ**

પુસ્તક પ્રકાશક : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર, મૂલ્ય રૂ. ૧૮૦

પુસ્તક પરિચય : - **રિપલકુમાર પરીખ, અમદાવાદ મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

# જ્ઞાતિનું ગૌરવ





ઘણા બધા જ્ઞાતિબંધુઓએ અલગ અલગ ક્ષેત્રમાં દેશ–વિદેશમાં નામના મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. આવા જ્ઞાતિબંધુઓને આપણે સમયાંતરે ‘વાયડામિત્ર’ના માધ્યમથી પોંખીએ છીએ. આવા જ એક જ્ઞાતિજને વિદેશમાં સેવાના ક્ષેત્રમાં નામના મેળવી છે.

કોકીલાબેન પ્રકાશભાઈ પરીખ ૫૦ વર્ષ ઉપરાંતથી અમેરિકામાં રહે છે. તેઓ ગાયનેકોલોજીસ્ટ છે. સને ૨૦૦૮માં વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધા બાદ સેવા ભાવનાથી કાર્યરત રહે છે. સને ૨૦૧૦ થી IBN SINA CLINIC માં માનદ્ સેવાઓ આપે છે. તેમની લાંબી સેવાઓના યોગદાન બદલ તેમને એવોર્ડ આપી સંસ્થાના સીઈઓ, ચેરમેન અને મેનેજરે તેમનું સન્માન કર્યું હતું. તેમની સેવાભાવના બદલ ‘વાયડામિત્ર’ કાર્યાલય અભિનંદન પાઠવે છે.

– તંત્રી



# શ્રી શરદભાઈ પી. શાહનું સન્માન



30 મી મે ૨૦૨૫ના રોજ મહેસાણામાં રોટરી ભવનમાં રોટરી ક્લબ મેહસાણા દ્વારા વાયડામિત્રના ભૂતપૂર્વ તંત્રી અને વડીલ જ્ઞાતિજન શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહનું સન્માન કરવામાં આવ્યું. શ્રી શરદભાઈ શાહે રોટરી ક્લબ મહેસાણામાં કાર્યરત રહી ૫૦ વર્ષ પૂરાં કર્યાં તેના અનુસંધાનમાં આ સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી શરદભાઈ શાહ સને ૧૯૭૫માં રોટરી ક્લબ, મહેસાણામાં જોડાયા. સને ૧૯૭૮-૭૯માં તે ક્લબના પ્રમુખ બન્યા અને વિવિધ પ્રકારનાં સામાજિક સેવાના કાર્યો કર્યા. સને ૧૯૮૪માં તે રોટરી ફાઉન્ડેશનના ગ્રુપ સ્ટડી એક્સચેન્જ કાર્યક્રમમાં લીડર તરીકે પાંચ યુવાનોને લઈ અમેરિકાના ઈલીનોય રાજ્યમાં ૧ માસ માટે ગયા. બીજા વર્ષે અમેરિકાથી પાંચ યુવાનોની ટીમ લઈને રોટેરીયન લીડર ભારત આવ્યાં. શ્રી શરદભાઈએ રોટરી ભવનના નિર્માણમાં ફીઝીયોથેરપી સેન્ટરની સ્થાપનામાં, સુંદર સ્મશાન (નીજધામ) બનાવવાના કાર્યમાં સક્રિય રસ લીધો. રોટરી ભવનમાં લાયબ્રેરીની સ્થાપના પણ કરી. ૫૦ વર્ષ સુધી તેઓએ રોટરીની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહી સુંદર કામગીરી કરી. દરમિયાન સને ૧૯૯૮-૧૯૯૯ના વર્ષ માટે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં બનેલા રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૫૦ના ગવર્નર ચૂંટાયા. તેમણે અમદાવાદ, ઉદેપુર, બીકાનેર, જોધપુર, જયપુર,

ગ્વાલીયર સહિત જુદા જુદા સ્થળોએ આવેલી ૯૪ કલબોમાં પ્રત્યક્ષ જઈ માર્ગદર્શન આપ્યું. આથી તેમની રોટરી સેવાના ૫૦ વર્ષ પૂર્ણ થયા. રોટરી કલબ મહેસાણાએ તેમને પ્રશસ્તિપત્ર અને એવોર્ડ આપી સન્માન કર્યું સાથે સાથે તેમનાં ધર્મપત્નિ ઈલાબહેનનું પણ સન્માન કર્યું.

રોટરીકલબ મહેસાણાના પ્રમુખ અને અન્ય સભ્યોએ શ્રી શરદભાઈની સેવાઓને બિરદાવી અને ૮૬ વર્ષની ઉંમરે તેઓ નિયમિત રીતે રોટરી મીટીંગમાં આવી સૌના પ્રેરણાસ્ત્રોત બન્યા છે તેમ જણાવ્યું.

શ્રી શરદભાઈએ મિત્રતા અને સેવાના સાથી એવા સૌ રોટેરીયનોનો સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો.

'વાયડામિત્ર' કાર્યાલય શ્રી શરદભાઈના સન્માન બદલ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

– તંત્રી

## નમ્ર નિવેદન

જ્ઞાતિના કવિઓ અને લેખકોએ 'વાયડામિત્ર'ના વાંચનને સમૃધ્ધ બનાવ્યું છે. નવા લેખકો અને કવિઓ પોતાની રચના મોકલે એવો અભિગમ છે. આપનું મૌખિક લખાણ ટૂંકમાં અને મુદ્દાસર અમને મોકલી આપશો. યુવાન લેખકો નવા નવા વિષયોને આવરી લે તે જરૂરી છે.

બાળકોના પેઈન્ટીંગ આપણે વખતો વખત 'વાયડામિત્ર'માં પ્રસિદ્ધ કરીએ છીએ. બાળકો પણ પોતાની ટૂંકી રચના મોકલે તે ઇચ્છનીય છે જેથી તેઓને પણ પ્રોત્સાહન મળશે. લેખિકાઓ પણ તેની કૃતિ મોકલે તે ઇચ્છનીય છે. કૃતિની યોગ્યતા અનુસાર 'વાયડામિત્ર'માં તેમને સ્થાન આપવાનો પ્રયત્ન કરીશું.

– તંત્રી

# જ્ઞાતિનું ગૌરવ



શ્રી પ્રેરકભાઈ નિખિલભાઈ શાહ, આપણી જ્ઞાતિની દિકરી પ્રતિક્ષાબહેન નિખિલભાઈ શાહના સુપુત્ર છે. પ્રતિક્ષાબહેન આપણી પાટણ જ્ઞાતિના સ્વ. પોપટલાલ વાડીલાલ શાહ અને ચંદ્રિકાબહેન પોપટલાલ શાહના સુપુત્રી છે. શ્રી પ્રેરકભાઈ શાહને ભારતીય જનતા પાર્ટીના અમદાવાદ શહેરના પ્રમુખ તરીકે તાજેતરમાં જ ચૂંટવામાં આવ્યા છે જે આપણી જ્ઞાતિ માટે ગૌરવની વાત છે.

શ્રી પ્રેરકભાઈ શાહ તેમના બહોળા અનુભવોનો લાભ દેશના વિકાસમાં આપતા રહે અને જ્ઞાતિનું ગૌરવ વધારતા રહે એવી શુભેચ્છા. શ્રી પ્રેરકભાઈ શાહ તથા તેમના સમગ્ર પરિવારને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ.

– શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

# નવચંડી યજ્ઞ

આપ સૌને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૫માં શ્રાવણ વદ – ૫ એટલે તા. ૧૩–૮–૨૦૨૫ બુધવારના રોજ કુળ દેવતાજી શ્રી વાયુદેવતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પુરા થાય છે. ત્યારથી અત્યાર સુધી બાજવાડા સ્થિત શ્રી વાયુદેવતાજીના મંદિરે, સુચારુ રૂપે નિત્ય સેવાક્રમ આપણી વૈષ્ણવ પરંપરા મુજબ સૌ જ્ઞાતિજનોના સાથ અને સહકારથી નીત્ય જળવાઈ રહ્યો છે. તે બદલ આપ સૌનો ખુબ આભાર. વર્ષ ૨૦૦૦માં જ્યારે મંદિરનું નવિનીકરણ હાથ ધરવામાં આવ્યું ત્યારે સ્વ. શ્રી સુરેશચંદ્ર સી. શ્રોફ અને સ્વ. શ્રી દિનેશચંદ્ર સી. શ્રોફની નિઃસ્વાર્થ સેવાઓ તથા તેઓના માર્ગદર્શનને કોટી કોટી વંદન. તેમજ સૌ ટ્રસ્ટીઓ અને કમીટી મેમ્બરો પણ તેટલા જ વંદનના હકદાર છે.

કુળ દેવતાજી તથા બે લોકમાતાજીના સ્વરૂપો નવ નિર્માણ પામેલા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થયાના ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તે નિમિત્તે શ્રી વાયુદેવતા મંદિર બાજવાડા ખાતે **નવચંડી યજ્ઞ**નું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સમય અને વ્યવસાઈક અનુકૂળતાને ધ્યાનમાં રાખી સદર શુભકાર્ય તા. ૧૧–૮–૨૦૨૫ને સોમવારના રોજ નીજમંદિરના પ્રાગણમાં નવચંડીયજ્ઞનો સંકલ્પ કરવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :

૧) નવચંડી યજ્ઞ તા. ૧૧–૮–૨૦૨૫ને સોમવારના શુભ દિને થશે.

૨) સ્થળઃ શ્રીવાયુદેવતાજી મંદિર, બાજવાડા, વડોદરા

૩) સમય : સવારે ૮–૩૦ થી સાંજના ૭–૦૦ કલાક. શ્રીફળ હોમવાનો શુભ સમય સાંજના ૬ કલાકે રહેશે.

૪) યજમાન : કુલ પાંચ દંપતિ યજમાન થઈ શકશે, યજમાન થવા માટેની ન્યોછાવર રૂ. ૫૦૦૧/– છે, (યજમાનો તથા બ્રાહ્મણો માટે બપોરે ફરાળની વ્યવસ્થા કરવામાં આવશે) જો નવચંડી યજ્ઞમાં પાંચ કરતા વધારે યજમાનો થશે તો તે મુજબ વધારે બ્રાહ્મણોને આમંત્રિત કરી નવચંડીનો લાભ આપવામાં આવશે.

યજમાન થવા માટેના નામ આપે શ્રી વાયુદેવતાજીના મંદિરે રૂબરૂ મળી શ્રી

દત્તુભાઈ દવેને નોંધવાના રહશે, નામ નોંધાવતી વખતે આપનો કોન્ટેક્ટ નંબર પણ લખાવશો, તે નિમિત્તે રૂ. ૫૦૦૧/- ભરી પાવતી મેળવી લેશો.

ભોજનપ્રસાદી : તારીખ ૧૧-૮-૨૦૨૫ સોમવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે થી શરૂ થશે.

સ્થળ : કોટેકોટ મોઢવાડી બાજવાડા, વડોદરા

તે માટે આપે તા. ૫-૮-૨૦૨૫ પહેલા નીચેના ત્રણ માથી કોઈ પણ એક સ્થળે નામ અને કોન્ટેક્ટ નં. લખાવી રૂ. ૨૦/- પ્રતિ વ્યક્તિ ભરી ટોકન મેળવી લેવા.

૧) વાયુદેવતા મંદિર, બાજવાડા, વડોદરા

૨) મે. ગૌરી સાડી, એમ. જી. રોડ વડોદરા, (સોમવારે રજા સમય ૧૨ થી ૬)

૩) મે. પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ, જુના પાદરા રોડ (રવિવાર રજા - સમય ૧૨ થી ૬)

વર્ષો બાદ આવતા આ આનંદના શુભ અવસરમાં આપ સૌને ફરી એક વાર સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે.

સદર ઉમદા કાર્ય માટે સૌ જ્ઞાતિજનો તરફથી સેવા ભેટ આવકાર્ય છે. આપ આપની સેવા ભેટ નીચે મુજબની વિગત પ્રમાણે બેંકમાં પણ જમા કરાવી શકો છો.

Name: Visha Vayada Vanik Panch
Bank: Union Bank of India
AC/ No.: 464802010003711
IFSC: UBIN0546488

પેમેન્ટ ડીટેલ્સ મોબાઈલ નં. ૯૯૭૪૦૧૮૩૦૨ પર મોકલવાથી પાવતી મોકલવામાં આવશે.

**- શ્રી વાયુદેવતા મંદિર**
**બાજવાડા, વડોદરા**

## શ્રી સમીરી વણિક સમાજ અમદાવાદ

# ચંપારણ અને જગન્નાથ પૂરીનો પ્રવાસ

શ્રી સમીરી વણિક સમાજ અમદાવાદ દ્વારા તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૫ થી ૧૯ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન ચંપારણ અને જગ્ગનાથ પૂરીનો પ્રવાસ યોજાયો. સામાન્ય રીતે સમાજ દ્વારા વર્ષ દરમિયાન અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થતું હોય છે પરંતુ ગત વર્ષથી શહેર બહારના પ્રવાસનું આયોજન કરવાનું નક્કી થયું અને પહેલો પ્રવાસ દ્વારકા–સોમનાથનો કર્યો. આ વર્ષે સભ્યોની લાગણી પ્રમાણે ચંપારણ અને પૂરીના પ્રવાસનું આયોજન થયું જેમાં કુલ ૫૫ વ્યક્તિઓએ લાભ લીધો. પ્રવાસ માટે બે વિકલ્પો હતાં એ પ્રમાણે ૧૩ સભ્યો ચંપારણથી અમદાવાદ પરત થયા જ્યારે ૪૨ સભ્યો એ ચંપારણ સાથે પૂરીનો પણ પ્રવાસ કર્યો.

અમદાવાદથી રાયપુર અને રાયપુરથી પૂરી ટ્રેન દ્વારા મુસાફરી કરી અને પરત ફરતાં સહુ ભુવનેશ્વરથી પ્લેનમાં અમદાવાદ આવ્યા. પ્રવાસના આયોજન માટે તે પહેલાં અને પ્રવાસ દરમિયાન સહુ હોદ્દેદારોએ અને કમિટીના સભ્યોએ ઘણી જહેમત ઉઠાવી તેથી પ્રવાસ ખૂબ યાદગાર અને આનંદદાયક બની રહ્યો. કમિટીના સભ્યશ્રી પંકજભાઈ પરીખના આ ક્ષેત્રના બહોળા અનુભવનો પણ લાભ મળ્યો.

રાયપુરથી ચંપારણ જવા બે નાની બસોની વ્યવસ્થા કરી હતી. ચંપારણમાં દર્શન, ઝારીજી ભરવાનો, ગૌશાળામાં ગાયોની સેવા કરવાનો તથા પરિક્રમા કરવાનો ભક્તોએ લ્હાવો લીધો. અમારા રોકાણ દરમિયાન વરસાદી માહોલના કારણે વાતાવરણમાં સારી ઠંડક રહી અને ત્યાં આજુબાજુ આવેલા સ્થળોની મુલાકાત ટેક્ષી દ્વારા કરી અને સહુ ત્યાંના ગ્રામ્ય વાતાવરણ અને કુદરતી સૌન્દર્યથી અભિભૂત થયા. ચંપારણ બે દિવસ રોકાઈને પાછા રાયપુર રેલ્વેસ્ટેશન

આવ્યાં જ્યાંથી ટ્રેનમાં પૂરી જવાનું હતું.

કહેવાય છે કે પ્રવાસમાં મંઝીલ કરતાં મુસાફરી અને મુસાફરી કરતાં મુસાફરીમાં જ્ઞાતિબંધુઓનો સહવાસ વધારે અગત્યનો છે. Company is much more important than journey or destination. અહીં પણ સૌએ એકબીજાની કંપનીને ખૂબ enjoy કરી અને પ્રવાસનો પૂરો આનંદ ઉઠાવ્યો.

પુરીમાં દરિયાકિનારાની નજીક આવેલી હોટેલ ખૂબ જ સગવડદાયક હતી. ત્યાં ત્રણ દિવસના રોકાણ દરમિયાન બે નાની બસોમાં જગન્નાથજીના દર્શન, બેઠકજીના દર્શન તથા લીન્ગરાજ મહાદેવના પ્રાચીન મંદિરમાં દર્શનનો લહાવો લીધો. આ ઉપરાંત સુપ્રસિદ્ધ કોનાર્કનું સૂર્ય મંદિર, ચિલ્કા સરોવર અને વિશાલ ઝૂ ની પણ મુલાકાત લીધી. ત્યાંના નયનરમ્ય બીચની મઝા સહુએ મુક્તપણે માણી.

આખા પ્રવાસ દરમિયાન જમવાની વ્યવસ્થા માટે એક ટ્રાવેલ એજન્ટને contract આપ્યો હતો. પ્રવાસ દરમિયાન વૈવિધ્યસભર અને સ્વાદિષ્ટ ભોજન અને ચા નાસ્તો પૂરો પાડવામાં આવ્યો. ટ્રેનની મુસાફરી દરમિયાન વડોદરામાં ડીનર અને નાગપુરમાં લંચની વ્યવસ્થા કરી હતી.

સહુ સભ્યોએ ખૂબ સુંદર પ્રતિભાવો આપ્યા અને આનંદ વ્યક્ત કર્યો. ઘણાં બધા સભ્યો એ નાની મોટી રકમનું ડોનેશન પણ આપ્યું. સહુ આવા જ બીજા પ્રવાસની આતુરતા પૂર્વાહ રાહ જોઈ રહ્યાં છે.

**– સંકલન, ગૌરાંગ શાહ**

**– શરદભાઈ પરીખ, પ્રમુખ**

**દિગંત પરીખ, મંત્રી**

**શ્રી સમીરી વણિક સમાજ અમદાવાદ**

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટ

### (૧) સામાન્ય ઈનામોના દાતાઓની વિગત

(A) સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ તથા સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે શ્રી વીપુલભાઈ જયંતીભાઈ પરીખ તથા શ્રીમતી માધવીબહેન વી. પરીખ તરફથી રૂ. ૨,૫૧,૦૦૦/–ના ફંડના વ્યાજમાંથી **દરેક વિદ્યાર્થીઓને** પાઠ્યપુસ્તકો માટે **રૂ. ૨૫૦/–** તથા **રૂ. ૩૦૦/–** આપવામાં આવશે

(B) સ્વ. રસિકભાઈ ચીમનલાલ શાહના સ્મરણાર્થે સ્વ. શ્રીમતી રેણુકાબહેન રસિકભાઈ શાહ તરફથી મળેલા રૂ. ૧,૦૦,૦૦૦/– ના ફંડના વ્યાજમાંથી ધો. ૮ અને ધો. ૮ ઉપરના તમામ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સરખાભાગે રોકડમાં ઈનામ આપવામાં આવશે.

(C) શ્રી ઉમાકાંતભાઈ જેઠાલાલ પરીખ તરફથી સ્વ. અરૂણભાઈ જેઠાલાલ પરીખ અને સ્વ. વનમાળાબહેન અરૂણભાઈ પરીખના સ્મરણાર્થે રૂા. ૨૫૦૦૦ના ફંડનું વ્યાજ કેળવણીના કોઈપણ હેતુ માટે ટ્રસ્ટ નક્કી કરે તે પ્રમાણે ઉપયોગમાં લેવામાં આવશે.

### (૨) પાઠ્ય પુસ્તકો અને નોટોના દાતાઓની વિગત

(A) શ્રી વિજેશભાઈ નગીનદાસ શાહ અને હેમલ વી. શાહ તરફથી સ્વ. નગીનદાસ ચીમનલાલ શાહ તથા સ્વ. સરોજબહેન નગીનદાસ શાહના સ્મરણાર્થે મળેલ રૂપીયા ૨,૦૧,૧૧૧/– ના ફંડના વ્યાજમાંથી ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો માટે અને શ્રેણી ૮ અને ૯માં અંગ્રેજી વિષયમાં ૬૦% થી વધુ માર્ક લાવનારને પ્રથમ અને દ્વિતીય ઇનામ આપવામાં આવશે. તેમજ ધો.૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવશે.

(B) શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ તરફથી સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે મળેલા રૂા. ૧ લાખના ફંડના વ્યાજમાંથી ધો. ૮ થી ૧૨ તથા કૉલેજના વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવશે.

### (૩) ખાસ ઈનામોના દાતાઓની વિગત

(A) સ્વ. શ્રી રશ્મિકાંતભાઈ, સ્વ. દિલીપભાઈ, સ્વ. અવનિશભાઈ અને શ્રીમતી જયશ્રીબહેન તરફથી સ્વ. પુષ્પાવતી એસ. પરીખ અને સ્વ. શાંતિલાલ ચીમનલાલ

પરીખના સ્મરણાર્થે મળેલ રૂપીયા ૧,૫૧,૦૦૦/-ના ફંડના વ્યાજમાંથી M.A. M.Sc., M.Com, M.B.A., M.S.W., M.B.B.S., M.D.H., M.E., C.A., C.S., I.C.W.A., M.Phil, Ph.D., M.S. & M.D. જેવા કોર્ષમાં ઉત્તીર્ણ થનારને ઈનામ આપવામાં આવશે.

(B) શ્રી પિયુષભાઈ મધુકરભાઈ શાહ તરફથી મળેલા રૂપિયા ૫૧,૦૦૦/- ના ફંડના વ્યાજમાંથી સ્વ. પૂનમભાઈ મધુકરભાઈ શાહ તેમજ સ્વ. ગીરાબહેન મધુકરભાઈ શાહના સ્મરણાર્થે અનુક્રમે ધો.૯ અને ધો.૧૦માં પ્રથમ અને દ્વિતીય આવનારને વસ્તુ સ્વરૂપે ઈનામ આપવામાં આવશે.

(C) બહેન સ્વ. પ્રભાલક્ષ્મી મોહનલાલ પરીખના સ્મરણાર્થે મળેલ રૂા. ૫૦,૦૦૧/- ના ફંડના વ્યાજમાંથી ધો. ૧૦, ધો. ૧૨માં પ્રથમ આવનાર તથા M.B.A., M.C.A., L.L.B., M.B.B.S., Architect, એન્જિનિયરીંગમાં ડિગ્રી / ડિપ્લોમા કોર્સ તથા એન્જિનિયરીંગ, મેડિકલ ક્ષેત્રે માસ્ટર ડિગ્રી તથા C.A., C.S., L.L.M. જેવા કોર્સમાં ઉત્તીર્ણ થનારને ખાસ ઈનામો આપવામાં આવશે.

(D) સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ તથા સ્વ. ચંપાબહેન મધુકરભાઈ શાહના સ્મરણાર્થે મળેલ રૂા. ૩૧,૦૦૧/-ના ફંડના વ્યાજમાંથી ધો. ૧ થી ૯ માં પ્રથમ અને દ્વિતીય આવનારને ઈનામો આપવામાં આવશે.

(E) સ્વ. લલિતાબહેન મોહનલાલ પરીખ, સ્વ. મંગુબહેન પ્રાણલાલ પરીખ, સ્વ. ગોમતીબહેન (અમરતલાલ રણછોડદાસ દાસના દીકરી) અને સ્વ. શોભનાબહેન જીતેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે રૂ.૧,૦૦,૦૦૦/-(દરેકના રૂ. ૨૫,૦૦૦/-)ના કન્યા કેળવણી ફંડના વ્યાજમાંથી ધો ૧૨ પાસ કરી કોલેજમાં અભ્યાસ કરતી કન્યાને વિશિષ્ટ સિધ્ધિ માટે ઈૅનામ આપવામાં આવશે.

## (૪) ઈત્તર પ્રવૃત્તિ માટે ઈનામોના દાતાઓની વિગત

(A) શ્રી અમરતલાલ રણછોડદાસ શાહના સ્મરણાર્થે મળેલ રૂા. ૨૫,૧૦૧ના ફંડના વ્યાજમાંથી ઈતર પ્રવૃત્તિમાં જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીને ઈનામો આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| **ઉમાકાંત જે. પરીખ** | **હેમલ વી. શાહ** | **સૌમિલ એ. શાહ** |
| **પ્રમુખ** | **મંત્રી** | **સહમંત્રી** |

## શ્રી સમીરી કામદા દેવી ચૈત્ર સુદ ૬ ટ્રસ્ટ

## (વાયડ જમણવાર પેટે) મળેલ ભેટ :

ગો.વા રસિકલાલ – ગો.વા.પુષ્પાબેન રસિકલાલ શાહના સ્મરણાર્થે તેમના પુત્રો શ્રી દિનેશભાઈ – ગો.વા. શરદભાઈ – ગો.વા. સુનિલભાઈ તરફથી રૂ. ૧,૫૧,૦૦૦/–

સ્વ. શ્રી નંદલાલ હીરાલાલ શાહ તથા સ્વ. શ્રીમતી કંચનગૌરી નંદલાલ શાહના સ્મરણાર્થે રક્ષાબેન પ્રબોધભાઈ શાહ અને રિશીરાજ પ્રબોધભાઈ શાહ તરફથી રૂ. ૫૧,૦૦૦/–

દાતાઓનો ખુબ આભાર

**– શ્રી સમીરી કામદા દેવી ચૈત્ર સુદ ૬ ટ્રસ્ટ**

## સુધારો

વાયડામિત્રના જૂન–૨૦૨૫ના અંકમાં 'યમુનાવાડી' પાટણના તૈલચિત્રોના નામમાં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવ્યો છે.

(૧) સ્વ. મફતલાલ પુરુષોત્તમદાસ પરીખ
હસ્તે સંયુક્તાબેન (સુધાબેન) અને અલકાબેન

(૨) સ્વ. જશુમતીબેન મફતલાલ પરીખ
હસ્તે સંયુક્તાબેન (સુધાબેન) અને અલકાબેન

– યમુનાવાડી, પાટણ

## સુવિચાર

– પેટમાં ગયેલા ઝેર કરતાં કાનમાં ગયેલ ઝેર વધારે ખતરનાક હોય છે.
– જીવન જીવવાના ગુણો છે – સમજદારી – જવાબદારી – ઈમાનદારી.
– જ્ઞાની અને દાની નમ્ર હોવા જોઈએ.
– અદાલતમાં ન્યાય ભલે શોભે, ઘર તો સમાધાનથી જ શોભે.

## શબ્દ વ્યુહ ૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ■ | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | | ■ | ૧૨ | | ૧૩ | ■ | |
| | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | |
| ■ | ૧૭ | | | ■ | ૧૮ | | | |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | | ■ | ■ | ૨૪ |
| ૨૫ | | ૨૬ | ■ | | ■ | ૨૭ | ૨૮ | |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | |

**આડી ચાવી :** (૧) માતૃભૂમિ–૬ (૬) ભસ્મ–૨ (૮) વિષ : ઝેર–૨ (૯) પ્રહસન, ગમ્મત–૩ (૧૦) નમેલું–૨ (૧૧) ઉગ્ર, આકરું, તેજ–૩ (૧૨) જબરદસ્તી, અત્યાચાર–૩ (૧૪) ગમવું તે, રૂચિ–૨ (૧૫) સુંદર સ્ત્રી – ૩ (૧૭) સમુદાય, મંડળી–૩ (૧૮) ભરપટ્ટે, ખૂબ, પેટ ભરીને–૪ (૧૯) માથું – ૨ (૨૦) શરીરનો મોહક હાવભાવ–ચાળો, નખરું–૩ (૨૧) ચીરા, લીટા–૨ (૨૨) અંકુશ–૩ (૨૫) યુનાન દેશનો વતની – ૩ (૨૭) વિના, સિવાય–૩ (૨૯) સુંદર દેખાવ, સૌંદર્ય–૨ (૩૦) ઉજાગરો–૪

**ઊભી ચાવી :** (૧) સંભાાળ, સારવાર–૪ (૨) દરમિયાનગીરી કરવી તે –૩ (૩) વચનને વળગી રહેવું તે, શ્રદ્ધા, વિશ્વાસ–૨ (૪) ભાષાંતર–૪ (૫) મૂળ, ઉત્પતિ સ્થાન–૩ (૬) જંગલ, ઉજ્જડપ્રદેશ–૨ (૭) જોખમ ભરેલું, ભયંકર–૫ (૧૩) મંદ સ્મિત, હર્ષ, આનંદ–૪ (૧૪) ખરું લોઢું, પોલાદ–૪ (૧૬) લોચો–૩ (૧૭) ઈનામ, શાબાશી–૪

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

(૧૮) તમાકું વગેરે પીવા માટેનું માટીનું એક પાત્ર–૩ (૧૯) ફરિયાદ–૪ (૨૩) કાદવ, કીચડ–૨ (૨૪) આશ્રય, ઓથ–૩ (૨૬) કેફી ચીજથી ચડતો કેફ–૨ (૨૭) પક્ષ, તરફેણ–૨ (૨૮) ફળની અંદરનો ગર્ભ–૨

## શબ્દ વ્યુહ ૧૦ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ભ | ય | | ચ | ક્ર | | કૃ | મિ | |
| | તિ | લ | | મ | દ | | ષ | ટ |
| ખં | | ત | મા | | ક્ષ | મા | | કો |
| ધુ | રા | | ન | બી | | યા | દ | |
| | ઝ | ટ | | ક | ટી | | ગો | ત્ર |
| ઠા | | ચ | ક્ષુ | | કા | ખ | | સ્ત |
| ર | ગ | | દ્ર | વ્ય | | ફા | ગ | |
| | મ | ન | | ય | મ | | પ | ત |
| | | ગ | ર્દ | | સ્ત | ર | | સ્દી |

**પરિણામ :**

**બધા ખરા :** (૧) પ્રેરણાબેન કે. પરીખ મુંબઈ (૨) માધવી એન. પરીખ અમદાવાદ (૩) દિપકભાઈ દલાલ મુંબઈ (૪) અશોકભાઈ આર. પરીખ પાટણ (૫) કિર્તીબેન કે. શાહ વડોદરા (૬) વર્ષાબેન એન. ચોકસી અમદાવાદ (૭) ઈલાબેન પી. શાહ પાટણ (૮) ગીતાબેન પી. શાહ અમદાવાદ (૯) પરિમલ એમ. પરીખ અમદાવાદ

**એક ભૂલ** : (૧) પ્રતિમા કે. શાહ વડોદરા (૨) પ્રફુલ્લબેન જે. શાહ અમદાવાદ (૩) સ્મૃતિ આર. શાહ અમદાવાદ

**બે ભૂલ** : (૧) નવીનચંદ્ર ડી. ગાંધી ભરૂચ (વડોદરા) (૨) મધુરી કિનખાબવાલા અમદાવાદ (૩) સુધાબેન આર. શાહ અમદાવાદ (૪) હરેશ એમ. પરીખ પાટણ

**ત્રણ ભૂલ** : (૧) નીલા જે. મહેતા મુંબઈ

**ચાર ભૂલ** : (૧) ભારતી ડી. શાહ મુંબઈ (૨) ઉમાકાંત જે. પરીખ અમદાવાદ

**નોંધ** : જવાબો ૨૫ તારીખ સુધીમાં શ્રી સુધીરભાઈ પી. શાહને મોબાઈલ : (૧) ૯૭૨૬૦ ૪૦૨૬૨ અથવા (૨) ૮૭૫૮૩ ૩૪૩૪૭ પર મોકલી આપવા. બપોરે ૧.૦૦ થી ૪.૦૦ સિવાય ના સમયે ફોન કરવો.

## અંક ન મળવા અંગે

વાયડામિત્રની તમામ નકલો દર મહીનાની દસ તારીખે પી.એસ.ઓ ઓફિસ, અમદાવાદમાં આપવામાં આવે છે જેની પહોંચ અમે જ્ઞાતિના તમામ વોટસએપ ગ્રુપમા મોકલીએ છીએ. વાયડામિત્રના સભ્યોનું એડ્રેસ લીસ્ટ (પી.ડી.એફ ફાઈલ) પણ ગ્રુપમાં મોકલીએ છીએ. જ્ઞાતિજનો પોતાનું નામ તેમાં ચેક કરી શકે છે. ૨૫ તારીખ સુધી અંક ન મળે તો વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખને તેમનું નાામ તથા સરનામુ વોટસએપ કરી શકે છે. વ્યવસ્થાપક પાસે વધારાની નકલ હશે તો સાદી પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે અને તેનો ફોટો પાડીને જે તે ગ્રાહકને મોકલવામાં આવશે.

Bank Details for donations towards Education /
Medical or other purposes (other than Vayadamitra)
Shree Vayada Vanik Seva Trust,
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3667111655,
IFSC Code.: CBIN0280553

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ

**અમદાવાદ** : પરીખ માન્ય અતુલકુમાર, S.S.C. (ધોરણ–૧૦), ૯૨.૭૨ પરસેન્ટાઈલ સાથે ઉત્તીર્ણ

**અમદાવાદ** : શ્રી રાજેશભાઈ વ્રિજલાલ શાહ (મૂળ દેત્રોજ) ના પૌત્ર વિદીત સૌરભભાઈ શાહ, C.B.S.E ની ધો ૧૨ સાયન્સની પરીક્ષામાં ૯૩.૨% મેળવી ઉત્તીર્ણ થયેલ છે.

**મુંબઈ** : જાન્હવી નિખિલ શાહ, H.S.C. Arts (ધોરણ–૧૨), ૮૯.૮૩% ગુણ સાથે ઉત્તીર્ણ.

**મુંબઈ** : વિનીતા રાજેશ શાહ, ક્લિનીકલ સાયકોલોજીના વિષયમાં એમ.એની ડિગ્રી મેળવેલ છે.

**માંડવી કચ્છ** : બંસી ભૂપેન્દ્ર શાહ S.S.C. (ધોરણ–૧૦), ૯૩.૫ % સાથે ઉત્તીર્ણ.

**માંડવી કચ્છ** : આયુષ ભૂપેન્દ્ર શાહ H.S.C (ધોરણ–૧૨), ૭૯.૫ % સાથે ઉત્તીર્ણ.

## અવસાન

**ભૂજ** : ગં.સ્વ. લવિંગાબેન (હસુબેન) લાલજીભાઈ શાહ, ઉ. વર્ષ ૮૧ તા. ૫–૬–૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ પામ્યા છે.

ભૂજ : પ્રવિણચંદ્ર હરિલાલ શાહ, ઉ. વર્ષ ૭૪, તા. ૨૨–૬–૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ પામ્યા છે.

☆☆☆

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ





**સ્વ. અ.સૌ. હંસાબહેન મહેશકુમાર પટેલ**

**જીવનયાત્રા : ૧૬-૯-૧૯૬૦ થી ૧૬-૬-૨૦૨૪**

સચવાતી નથી આપની આ લાગણીઓની વાતો,
ન જાણે કેવો હતો આપની સાથેનો નાતો.

આપનો હસમુખો સ્વભાવ, મધુર સ્મિત, અંતરમાં ઉર્મિ, આપનાં સત્કર્મો, સદ્‌ગુણો, આત્મિયતા અમારા સૌના હૃદયમાં હંમેશાં કાયમ રહેશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના.

લિ.

મહેશકુમાર લક્ષ્મીદાસ પટેલ

મિતેશ મહેશકુમાર પટેલ

મિનાક્ષી મિતેશ પટેલ

ગૌરવ મહેશકુમાર પટેલ

ધ્વનિ ગૌરવ પટેલ

વૈશાલી રિપલકુમાર પરીખ

રિપલકુમાર કીર્તિકુમાર પરીખ

નિલ, વેદાંશી, પ્રાંશી, શિવમ, ખુશી

જય શ્રી કૃષ્ણ

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

JB
**J.J. Parikh & Brothers**
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

JB
**J. Bipinchandra & Co.**
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

JP
**J. J. Parikh Pharma Pvt. Ltd.**
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

JP
**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
**Pharmaceutical Company**
**Since 2007**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai - Kokilaben Parikh**
**Harshul - Alpa, Mrugesh - Ratna**
**Bhrita - Aakar Choksi**
**Darsh - Ankita, Parita, Darshil,**
**Bakul - Nita Dalal**
**Meera - David Burns**
**Chinmay - Natasha Dalal**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296 પ્રકાશન ૧૦/૭/૨૦૨૫



## ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh